**આજનો સુવિચાર**

પોતાની જાતને બદલશો તો ભાગ્ય અવશ્ય બદલી જશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૦૨ જૂનાગઢ તા.૧૧-૮-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 202, Junagadh : Date : 11 August, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## સંસદનાં ચોમાસુ સત્રનો આજે અંતિમ દિવસ : ભારે ધમાલ

### લોકસભામાં કોંગ્રેસનાં નેતા અધિર રંજન ચૌધરીનાં સસ્પેન્શન મામલે ભારે હોબાળો

નવી દિલ્હી તા. ૧૧

સંસદના ચોમાસુ સત્રમાં મણીપુર મુદ્દે લગભગ ૧૬ દિવસ સુધી સરકાર અને વિપક્ષની ટક્કર તથા કામકાજના દિવસો વેડફાયા બાદ છેલ્લા ત્રણ દિવસની અવિશ્વાસ પ્રસ્તાવ પરની ચર્ચાથી હવે શાસક-વિપક્ષ વચ્ચેની 'ખાઈ' વધુ પહોળી બની ગઈ છે તેમાં આજે ચોમાસુ સત્રના અંતિમ દિને પણ જબરી ધાંધલ ધમાલ થઈ રહી છે ખાસ કરીને ગઈકાલે જે રીતે અવિશ્વાસ પ્રસ્તાવ ચર્ચામાં વડાપ્રધાનના જવાબ બાદ ગૃહમાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરીને જે રીતે સંસદની કાર્યવાહીમાં વિધાન સર્જવા બદલ ગૃહમંત્રી સસ્પેન્ડ કરાયા તે અંગે હવે આજે કોંગ્રેસ પક્ષ ગૃહનું કામકાજ ખોરવે તેવા સંકેત છે.

આજે લોકસભામાં નાણામંત્રી નિર્મલા સીતારામન જીએસટી સુધારા વિધેયક રજુ કરશે તથા રાજયસભામાં ગઈ કાલે જે રીતે મુખ્ય ચુંટણી કમિશ્નર સહિતના ચુંટણી કમિશ્નરની નિયુક્તિમાં સરકારે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિની ભૂમિકાને રદ કરતો ખરડો રજુ કર્યો છે તે મુદ્દે પણ વિપક્ષો સરકાર સામે મોરચો માંડશે. અધિર રંજન ચૌધરીએ તેમના વકતવ્ય દરમ્યાન મહાભારત અને ધ્રુતરાષ્ટ્રનો ઉલ્લેખ કરીને

તેને મણીપુરની સ્થિતિ તથા વડાપ્રધાનના વલણ સાથે સરખાવીને જબરો વિવાદ સર્જયો હતો અને હવે તે મામલે સંસદની વિશેષાધિકાર સમીતીને સોંપાયો છે અને તે નિર્ણય ન લે ત્યાં સુધી અધિર રંજન લોકસભામાં હાજરી આપી શકશે નહી જો કે આજે સત્રનો અંતિમ દિવસ છે પણ વિશેષાધિકાર સમીતી નિર્ણય ન લે ત્યાં સુધી તમો ગૃહ સાથે જોડાયેલા કોઈ કામકાજમાં ભાગ લઈ શકશે નહી. કોંગ્રેસના પુર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીએ આજે સાંસદોની બેઠક બોલાવીને કોંગ્રેસ પક્ષનો વ્યુહ નિશ્ચિત કર્યો હતો.

દરમ્યાનમાં લોકસભામાં કોંગ્રેસનાં નેતા અધિરરંજન ચૌધરીને સ્પીકરે ચોમાસુ સત્ર માટે સસ્પેન્ડ કરી નાખતા આ બાબતે સંસદમાં ભારે હોબાળો મચી ગયો છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જોરદાર વાકયુધ્ધ થઈ રહયું છે.

### ડોકટરો માટે નેશનલ મેડીકલ કાઉન્સીલે નવા નિયમો જાહેર કર્યા

## કોઈપણ સ્થિતિમાં ડોકટરો ભેટ નહી સ્વીકારી શકે : લાયસન્સ રદ થઈ જશે

### હિંસક રોગીની સારવાર કરવાનો તેમજ ફી નહી આપનાર દર્દીની સારવારનો ઈન્કાર પણ કરી શકશે

નવી દિલ્હી તા. ૧૧

દેશમાં તબીબી વ્યવસાયમાં પારદર્શકતા અને પ્રમાણીકતા લાવવા માટે તથા દવા કંપનીઓ તથા તબીબી સેવા પર પ્રભાવ પાડી શકતા દુષણોને નાબુદ કરવાના વધુ એક પ્રયાસમાં નેશનલ મેડીકલ કમીશને વધુ એકવખત માર્ગરેખા જાહેર કરી છે. જેમાં ફરી એક વખત જણાવ્યું છે કે ડોકટર કે તેના પરિવારના કોઈ સભ્ય કોઈ દવા કંપની કે પછી મેડીકલ વ્યવસાય સાથે જોડાયેલી કંપની કે વ્યક્તિએ આપેલી કોઈ ભેટ કે કોઈ પ્રકારે ઉપહાર આવી શકશે નહી તથા તબીબો કોઈપણ કંપનીના વિજ્ઞાપન પણ કરી શકશે નહી અને જો આ પ્રકારે કોઈ કેસ સામે આવશે તો તેની ગંભીરતા મુજબ તબીબનું લાયસન્સ પણ રદ થઈ શકે છે.

આ નવી ગાઈડલાઈન દેશભરમાં લાગુ કરવામાં આવી છે. આ નવી માર્ગરેખામાં તમામ કોઈ હિંસક દર્દીનો ઈલાજ કરવાનો ઈન્કાર કરી શકે છે પણ તે માટે એ નિશ્ચિત કરવાનું રહેશે કે જે તે દર્દીના જીવન પર ખતરો વધી જાય નહી અથવા તેના જીવન વ્યવસ્થા માટે જરૂરી હોય તો તે પોલીસની મદદ લઈને પણ સારવાર કરી શકશે. તા. ૨ ઓગષ્ટથી લાગુ થયેલી આ નવી માર્ગરેખામાં અગાઉ મુજબ તબીબોની મેડીકલ વ્યવસ્થા સાથે સંકળાયેલા કોઈ પાસેથી સીધી કે આડકતરી રીતે ભેટ-ઉપહાર લેવાની છૂટ નથી તેના પરિવારના સભ્યોનો પણ તેમાં સમાવેશ કરાયો છે.

આ ઉપરાંત હોસ્પીટલમાં દાખલ થતા દર્દીને તેની સારવાર તથા સર્જરી વગેરેની પુરી ખાતરી અગાઉથી આપવી જરૂરી છે તથા તેને ફીબાબતે પણ જાણ કરવી પડશે અને તે પછી કોઈ દર્દી કે તેના સંબંધી ફી ના આપે તો ડોક્ટર તેની સારવારનો ઈન્કાર કરી શકે છે પણ તેમાં ઈમરજન્સી-ગણાતા દર્દીઓની સારવારને ચાલુ રાખવી પડશે. આ ઉપરાંત દર્દી કે તેના સંબંધીને હોસ્પીટલના દસ્તાવેજો જેમાં તેના ટેસ્ટ, રિપોર્ટ, સારવારની ખાતરી વિ.ને ફાઈલ હોય તે વધુમાં વધુ પાંચ દિવસમાં ખોલી આપવી પડશે. હાલની ૭૨ કલાકની મર્યાદામાં આ એકછુટછાટ અપાય છે. આ ઉપરાંત તબીબ તેની પાસે માન્ય અભ્યાસક્રમની જે ડીગ્રી હોય તે ડીગ્રી જ તેના નામ સાથે જોડી શકાશે.

## પુરૂષ પર બળાત્કારનો ખોટો આરોપ સ્ત્રી પરનાં બળાત્કાર જેટલો જ ખતરનાક : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી,તા. ૧૧ : સુપ્રીમ કોર્ટે એક મામલામાં મહત્વની ટિપ્પણી કરતા જણાવ્યું છે કે પુરુષ પર બળાત્કારનો ખોટો આરોપસ્ત્રી પર બળાત્કાર જેટલો જ ભયાનક અને પીડાદાયક છે. નિર્દોષોને ખોટા કેસમાં ફસાવવાથી બચાવવા જોઈએ. સુપ્રિમ કોર્ટે કહ્યું કે આવા મામલામાં કોર્ટની ફરજ છે કે તે દરેક પાસાને ધ્યાનથી અને બારીકાઈથી તપાસે.

જસ્ટીસ બી. આર. ગવઈ અને જસ્ટિસ જે. બી. પારડીવાલાની ખંડપીઠે એક મામલાની સુનાવણી કરતી વખતે અવલોકન કર્યું હતું કે જયારે કોઈ આરોપી આ આધાર પર એફઆઈઆર રદ કરવા માટે કોર્ટનો સંપર્ક કરે છે ત્યારે આવી કાર્યવાહી સ્પષ્ટ રીતે પરેશાની પેદા કરે છે અને આવા સંજોગોમાં કોર્ટ એફઆઈઆર ધ્યાનથી જુએ.

ખંડપીઠે કહ્યું, એ વાતને અવગણી શકાય નહીં કે બળાત્કાર પીડિતાને અસહ્ય વેદના અને અપમાન સહન કરવું પડે છે, પરંતુ તે જ સમયે બળાત્કારનો ખોટો આરોપ આરોપી માટે સમાન વેદના, અપમાન અને નુકસાનનું કારણ બની શકે છે. બળાત્કારના ખોટા કેસમાં ફસાવવાથી વ્યકિતને બચાવવાની જરૂર છે.

કોર્ટે કહ્યું કે ફરિયાદીએ સુનિશ્ચિત કરવું પડશે કે ફરિયાદમાં આપેલા નિવેદનો એવા હોય કે કથિત ગુનાનો કેસ નક્કર બની શકે. સુપ્રીમ સુપ્રિમ કોર્ટે કહ્યું કે, કોર્ટની ફરજ છે કે તે કેસના રેકોર્ડમાંથી જે દેખાય છે તે સિવાયના સંજોગો પર ધ્યાન આપે અને સમગ્ર કેસને યોગ્ય રીતે તપાસે અને તથ્યોને સમજવાનો કાળજીપૂર્વક પ્રયાસ કરે.

## ઓનલાઈન ગેમિંગ, કેસીનો ઉપર ૨૮ ટકા જીએસટી લાગુ થશે : ૧ ઓકટોબરથી અમલમાં આવશે

નવી દિલ્હી તા. ૧૧

સંસદમાં ચોમાસા સત્રનો આજે છેલ્લો દિવસ છે ત્યારે કેન્દ્ર સરકાર લોકસભામાં બે બિલ રજૂ કરશે જેમા સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારાબિલ, ૨૦૨૩ અને ઈન્ટિગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સુધારા બિલ ૨૦૨૩નો સમાવેશ થાય છે.

કેન્દ્રીય કેબિનેટે આ સપ્તાહની શરૂઆતમાં બંને બિલોને મંજૂરી આપી હતી. સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એકટમાં સુધારાથી હોર્સ રેસિંગ, ઓનલાઈન ગેમિંગ અને કેસિનો પર ૨૮ ટકા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ એટલે કે GST વસૂલવાની મંજૂરી મળશે. એ જ રીતે રાજ્યોએ પણ તેમના વ્યક્તિગત GST કાયદામાં અલગથી સુધારો કરવો પડશે. જો બિલ પસાર થશે તો આ મહિનાની શરૂઆતમાં મળેલી GST કાઉન્સિલની બેઠકમાં નક્કી થયા મુજબ નવી કર વ્યવસ્થા ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે. તે બેઠકમાં એવું નક્કી કરવામાં આવ્યું હતું કે ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસિંગ પર ૨૮ ટકા વસૂલાત ૧ ઓક્ટોબરથી અમલમાં આવશે અને તેની છ મહિના સુધી સમીક્ષા કરવામાં આવશે અને જો જરૂર પડશે તો ટેક્સ માળખામાં ફેરફાર કરવામાં આવશે.

આજે સંસદના ચોમાસુ સત્રના છેલ્લા દિવસે નાણામંત્રી નિર્મલા સીતારમણ બે બિલ રજૂ કરશે અને જો ગૃહની કાર્યવાહી ચાલુ રહેશે, તો તેઓ બંને બિલ પસાર કરવાનો પ્રયાસ પણ કરશે. ગેમિંગ ઈન્ડસ્ટ્રીના સતત પ્રતિનિધિત્વને કારણે GST કાઉન્સિલને એક મહિનામાં બે વાર બેઠક કરવી પડી તે જેમાં ગેમિંગ પરના ૨૮ ટકા ટેક્સ સ્લેબને ઘટાડવાની માંગ કરી હતી. GSTની ૫૦મી કાઉન્સિલમાં ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસિંગ પર ૨૮ ટકા ટેક્સ લગાવવાના નિર્ણયની ગેમિંગ ઈન્ડસ્ટ્રી દ્વારા ટીકા કરવામાં આવી હતી

## ચંદ્ર પર પહોંચવાની હરીફાઈ શરૂ : ૪૭ વર્ષ બાદ રશિયાએ ચંદ્ર મિશન લુના-૨૫ લોન્ચ કર્યુ

મોસ્કો તા. ૧૧

ભારત બાદ હવે રશિયાએ પણ લુનર મિશન લુના-૨૫ લોન્ચ કર્યું છે. રશિયાએ ૪૭ વર્ષ બાદ પોતાનું યાન મિશન પર મોકલ્યું છે. લુના ૨૫ને મોસ્કોથી લગભગ ૫૫૦૦ કિમી પૂર્વમાં સ્થિત અમુર ઓબ્લાસ્ટના વોસ્ટોની કોસ્મોડ્રોમથી લોન્ચ કરવામાં આવ્યું હતું. એવું કહેવાય છે કે ભારતના ચંદ્રયાન-૩ પહેલા રશિયાનું લુના-૨૫ ચંદ્ર પર પગ મૂકી શકે છે. અહેવાલ અનુસાર, ૧૧ ઓગસ્ટ, શુક્રવારે સવારે ૪.૪૦ વાગ્યે, લુના-૨૫ લેન્ડરને રશિયાના વોસ્ટોની કોસ્મોડ્રોમથી લોન્ચ કરવામાં આવ્યું હતું. લુના-૨૫ને સોયુઝ ૨.૧બી રોકેટમાં ચંદ્ર પર મોકલવામાં આવ્યું હતું. તેને લુના-ગ્લોબ મિશન નામ આપવામાં આવ્યું છે. રોકેટની લંબાઈ લગભગ ૪૬.૩ મીટર છે, જ્યારે તેનો વ્યાસ ૧૦.૩ મીટર છે. રશિયાની સ્પેસ એજન્સી રોસકોસમોસનું કહેવું છે કે લુના-૨૫ ચંદ્ર તરફ રવાના થઈ ગયું છે. પાંચ દિવસ સુધી તે ચંદ્ર તરફ આગળ વધશે. ત્યારપછી ૩૧૩ ટન વજનનું રોકેટ ૭ થી ૧૦ દિવસ સુધી ચંદ્રની આસપાસ ફરશે. એવી અપેક્ષા છે કે તે ૨૧ અથવા ૨૨ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર પહોંચશે. એવી અપેક્ષા છે કે ૨૧ અથવા ૨૨ ઓગસ્ટે તે ચંદ્રની સપાટી પર પહોંચશે. જ્યારે ચંદ્રયાન-૩ ભારત દ્વારા ૧૪ જુલાઈએ લોન્ચ કરવામાં આવ્યું હતું, જે ૨૩ ઓગસ્ટે ચંદ્ર પર ઉતરશે.

## એશિયા કપમાં ટીમ ઈન્ડીયાની જર્સી પર પાકિસ્તાન લખેલું જોવા મળશે : લોકોમાં આશ્ચર્ય

કોલંબો તા. ૧૧

આવું પહેલીવાર થવા જઈ રહ્યું છે જ્યારે ટીમ ઈન્ડિયાની જર્સી પર પાકિસ્તાન લખવામાં આવશે. તેની પાછળનું કારણ એ છે કે, એશિયા કપ ૨૦૨૩નું યજમાન દેશ પાકિસ્તાન પણ છે અને ટીમની જર્સી પાકિસ્તાન એશિયા ૨૦૨૩ સાથે પ્રિન્ટ કરવામાં આવશે. રોહિત શર્માના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયા પહેલીવાર પાકિસ્તાન લખેલી જર્સી પહેરીને મેદાનમાં ઉતરશે. આ બંને દેશોના ક્રિકેટ ચાહકો માટે જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માટે એક અનોખો અનુભવ હશે. ભારતના સ્ટાર ખેલાડી વિરાટ કોહલી અને રોહિત શર્માનો એક ફોટો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેની જર્સી પર પાકિસ્તાન લખેલું છે. આ ફોટો પર ફેન્સના રિએક્શન પણ આવવા લાગ્યા છે. એવું માનવામાં આવે છે કે, આવું એટલા માટે થશે કારણ કે પાકિસ્તાન એશિયા કપ ૨૦૨૩નું યજમાન રાષ્ટ્ર છે. જ્યાં સુધી ટૂર્નામેન્ટની વાત છે તો ગ્રુપ સ્ટેજમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે બે મેચ રમાઈ શકે છે. જો બંને ટીમ ફાઈનલમાં પહોંચશે તો ત્રીજી મેચ પણ જોવા મળશે.

એશિયા કપને લઈને પહેલાથી જ ઘણો વિવાદ થઈ ચૂક્યો છે અને બંને દેશો વચ્ચે તીખી પ્રતિક્રિયાઓ પણ આવી છે. પરંતુ હવે નિર્ણય લેવામાં આવ્યો છે કે ભારતીય ટીમ પાકિસ્તાનનો પ્રવાસ નહીં કરે. બંને દેશોની મેચો શ્રીલંકાના મેદાન પર રમાશે. જો કે, પાકિસ્તાને એવી ધમકી પણ આપી હતી કે જો ભારતીય ટીમ અહીંયા પ્રવાસ નહીં કરે તો પાકિસ્તાન પણ ODI વર્લ્ડ કપ માટે ભારત નહીં જાય. પરંતુ બાદમાં તમામ વિવાદોનો ઉકેલ આવી ગયો છે. એશિયા કપમાં ભારત અને પાકિસ્તાનની મેચો તટસ્થ સ્થળ એટલે કે શ્રીલંકા ખાતે યોજાશે. જ્યારે પાકિસ્તાની ક્રિકેટ ટીમ વર્લ્ડ કપ માટે ભારતનો પ્રવાસ કરશે.

## તૂર્કિયેમાં ૫.૩ની તિવ્રતાનો ભુકંપ : અને ઈમારતોને નુકશાન : ૨૩ ઘાયલ

ઈસ્તંબુલ તા. ૧૧

ગત મોડી રાત્રે તૂર્કીયેના દક્ષિણ વિસ્તારમાં ૫.૩ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અહેવાલ અનુસાર, આ ભૂકંપને લીધે ઘણી ઈમારતોને નુકસાન થયું છે અને ૨૩ લોકો ઘાયલ થયા છે. ભૂકંપનું કેન્દ્ર માલત્યા પ્રાંતના યેસિલુર્ટ શહેરમાં હતું. અદિયામાનમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ બંને પ્રાંત ફેબ્રુઆરીમાં આવેલા વિનાશક ભૂકંપથી પ્રભાવિત થયા હતા, જેમાં ૫૦,૦૦૦થી વધુ લોકોના મોત થયા હતા. તૂર્કીયેના સ્વાસ્થ્ય મંત્રી ફહરેટિન કોકાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું કે માલત્યા અને અદિયામાનમાં ઈમારતો ધરાશાયી થતાં લોકો ઘાયલ થયા છે. ભૂકંપથી બચવા લોકો ઈમારતો પરથી કૂદી પડ્યા, કેટલાક લોકો ઘાયલ પણ થયા છે. તે જ સમયે ટીવી પર પ્રસારિત થયેલા વીડિયોમાં ભૂકંપના કારણે ઈમારતોને નુકસાન થતું જોવા મળ્યું હતું.

## દિલ્હીની શાળાઓમાં મોબાઈલ ઉપર કડક પ્રતિબંધ

નવી દિલ્હી તા.૧૧

દિલ્હી સરકારના શિક્ષણ વિભાગે મોબાઈલ ફોનને લઈને એક મહત્વપૂર્ણ એડવાઈઝરી બહાર પાડી છે. દિલ્હી સરકારે કહ્યું છે કે ક્લાસ રૂમમાં મોબાઈલ ફોન પર સખત પ્રતિબંધ લગાવવો જોઈએ. વાલીઓએ ખાતરી કરવી જોઈએ કે તેમના બાળકો શાળાના પરિસરમાં મોબાઈલ ફોન લઈ જાય નહીં દિલ્હી સરકારે કહ્યું છે કે, જો વિદ્યાર્થીઓ સ્કૂલમાં મોબાઈલ ફોન લાવે છે તો સ્કૂલ ઓથોરિટીએ તેને લોકર વગેરેમાં રાખવાની વ્યવસ્થા કરવી જોઈએ. શાળા પછી વિદ્યાર્થીઓને મોબાઈલ ફોન પરત કરવામાં આવે. શિક્ષકો અને અન્ય કર્મચારીઓને વર્ગખંડો, રમતના મેદાનો, પ્રયોગશાળાઓ અને પુસ્તકાલયો જેવા સ્થળોએ મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવા માટે પણ કહેવામાં આવ્યું છે જ્યાં શિક્ષણ અને શીખવાની પ્રવૃત્તિઓ થાય છે. સ્કૂલ ઓથોરિટીને કહેવામાં આવ્યું છે કે તેઓ હેલ્પલાઈન નંબર આપી શકે છે જ્યાં વિદ્યાર્થીઓ અને વાલીઓ કટોકટીની સ્થિતિમાં કોલ કરી શકે છે .

## અમેરીકામાં હવાઈનાં જંગલોમાં ભિષણ આગ લાગતા ૩૬નાં મોત

ન્યુયોર્ક તા. ૧૧

અમેરિકાના હવાઈના માઉઈ કાઉન્ટીના લાહિનાના જંગલોમાં ભયંકર આગ લાગતા ૩૬ લોકોનાં મૃત્યુ થયા છે. જંગલમાં લાગેલી આગ એટલી ઝડપથી ફેલાઈ ગઈ કે સદીઓ જૂના લાહિના શહેરના કેટલાક વિસ્તારો બાળીને ખાક થઈ ગયા હતાં.

લાહિનાની આગ સમગ્ર દ્વીપમાં ફેલાઈ ગઈ હતી. આ આગ એટલી વિકરાળ હતી કે તેને જોઈને હજારો રહેવાસીઓ પોતાના ઘરો છોડીને ભાગવા લાગ્યા હતાં. આમ છતાં ૩૬ લોકોનાં મોત થયા હતાં અને અનેક વિસ્તારો બળીને ખાક થઈ ગયા હતાં. કાઉન્ટીએ જારી કરેલા નિવેદન અનુસાર આગમાં અત્યાર સુધીમાં ૩૬ લોકોનાં મોત થયા છે.


હિરપરા ડેન્ટલ ક્લિનીક

૧૫માં વર્ષમાં મંગલ પ્રવેશ

ઈમ્પ્લાન્ટ | પીડીયાટ્રીકસ | ઓર્થોડોન્ટિકસ

ડો. દર્પણ આર. હિરપરા
BDS, MDS, Oral Implantologist,
C. Orthodontics,
Certified in Advance Implant Prosthodontics




સ્ક્રુ પધ્ધતિથી નવા દાંત બેસાડવા તથા ફિકસ બત્રીસી બનાવવાનાં નિષ્ણાંત

સમય : સવારે ૧૦:૦૦ થી સાંજે : ૭:૦૦ (રવિવારે બંધ)
બીજો માળ, પ્રિઝ્મ કોમ્પ્લેક્ષ, બસસ્ટેશન સામે,
જૂનાગઢ. ફોન : ૦૨૮૫ - ૨૬૩૬૩૯૩



ડો. ભૂમિકા ડી. હિરપરા
BDS, MDS,
Pedodontics and Preventive Dentistry

બાળકોનાં દાંત તથા મોઢાના રોગોનાં નિષ્ણાંત

પાર્શ્વિ ડેન્ટલ કેર

ઉપલબ્ધ સારવાર : ● વાંકાચુંકા દાંતની સારવાર ● ડાહપણ દાઢ કાઢવાની સર્જરી ● મો તથા જડબાનાં કેન્સરનું બાયોપ્સી દ્વારા સચોટ નિદાન ● રૂટ કેનાલ ટ્રીટમેન્ટ તથા દાંતને લગતી તમામ સારવાર ઉપલબ્ધ

અક્ષર પ્લાઝા - ૧, ચોથો માળ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ. મો. ૯૪૨૯૦ ૧૮૩૨૮








C M Y K

# સાસણ ખાતે વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરાઈ

## મુખ્યમંત્રી ગાંધીનગરથી વર્ચ્યુઅલી જોડાઇ સિંહના સંરક્ષણ વિશે માર્ગદર્શન આપ્યું






જૂનાગઢ, તા.૧૧

સાસણ ખાતે ગઈકાલે વિશ્વ સિંહદિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સાસણ ખાતેની વન વિભાગની આયુર્વેદીક નર્સરી ખાતેથી સાસણ સિંહ સદન સુધી વિશાળ રેલીનુંઆયોજન કરવામાંઆવ્યું હતું.આ રેલીમાં વિવિધ શાળાના બાળકો, શિક્ષકો, સરપંચો અને મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

એશિયાઇ સિંહ ભારત દેશના ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં કુદરતી રીતે વિહરતા જોવા મળે છે. ગુજરાત સરકારના માર્ગદર્શન હેઠળ વન વિભાગ, ગુજરાત રાજયની અથાગ મહેનત અને સ્થાનિક લોકોના સહિયારા પ્રયાસોથી એશિયાઇ સિંહની સંખ્યામાં નોંધપાત્ર વધારોજોવા મળેલ છે.

દર વર્ષેની જેમ આ વર્ષે પણ ૧૦મી ઓગસ્ટના વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમગ્રવિશ્વમાં સિંહોના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોમાં જાગૃતિ આવે અને સિંહ સંરક્ષણમાં લોકોની ભાગીદારી વધે તે હેતુંથી વિદ્યાર્થીઓ, શિક્ષકો, આગેવાનો, એન.જી.ઓના સભ્યો, સ્થાનિક લોકો, ગુજરાત સરકારના જુદા જુદા વિભાગોના કર્મચારીઓ અને અધિકારીઓ દ્વારાસાસણ ખાતે વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ શાળાના ૫૫૦ વિદ્યાર્થીઓ, શિક્ષકો, ભાલછેલ, હરીપુર, ચિત્રાવડઅને સાસણ ગામના સરપંચશ્રીઓ, આગેવાનો, વન વિભાગના અધિકારી, કર્મચારીઓ સહિત ૧૩૦૦ જેટલા લોકો જોડાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગરથી વર્ચ્યુઅલી જોડાયા હતા. તેમની સાથે વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઇ બેરા, રાજ્ય કક્ષાના મંત્રી મુકેશભાઇ પટેલઅને વન વિભાગના અધિકારીઓ જોડાયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે,રાજય સરકારે સિંહના સંરક્ષણ, સંવર્ધનને પ્રાથમિકતા આપીને લાયન કન્ઝર્વેશન એન્ડર પ્રોટેકશનની યોજનાઓ તથા પ્રોજેકટ્સ અસરકારક અને વ્યાપક બનાવ્યા છે. આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે સિંહ અંગેની લાયન એન્થમ લોન્ચીંગ, ધી કિંગ ઓફ ધી જંગલ ધી એશિયાટીક લાયન્સ ઓફ ધી ગીર પુસ્તકનું વિમોચન, સિંહ સૂચના વેબ એપ લોન્ચિંગ પણ યોજાયું હતું. આ કાર્યક્રમમાં સર્વોદય વિદ્યાલયના શિક્ષક ડી.બી.વઘાસિયા અને વિદ્યાર્થીની મશરૂ તુલસીબેને સિંહના જીવન વિશે રસપ્રદ માહિતી આપી હતી. જયારે ચિત્રાવડની આગાખાન સ્કુલના વિદ્યાર્થી પડાણી જેનીફ અને સુજાનબેને સિંહ દિવસની વિશેષતા વિશે માહિતી આપી હતી. કાર્યક્રમમાં સિંહ સંરક્ષણ માટે સૌથી એ પ્રતિજ્ઞા લીધી હતી. આ તકે મુખ્ય વનસંરક્ષક શ્રીમતિ આરાધના સાહુ, સાસણ ગીર નાયબ વન સંરક્ષક ડો.મોહન રામ સહિતના વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ શાળાના આચાર્ય, શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન આચાર્ય શ્રી જીજ્ઞેશપુરી ગોસ્વામીએ કર્યું હતું.

# NIMASના ડાયરેક્ટર રણવીર સિંઘ જમવાલે ગોરખનાથ શિખર પર્વત ઉપર તિરંગો લહેરાવ્યો

## રણવીર સિંઘે૭ ખંડના ઉચ્ચ શિખરો, વિશ્વનું ઊંચું શિખર એવરેસ્ટને ૩ વાર સર કર્યુ છે




જૂનાગઢ, તા.૧૧

ભારત સરકારના રક્ષા મંત્રાલય હેઠળની **The National Institute of Mountaineering and Adventure Sports (NIMAS)** દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અનેજી-૨૦અંતર્ગત 'હરશિખર તિરંગા મિશન' ભારતના દરેક રાજ્યના ઉચ્ચતમ શિખર ઉપર તિરંગો ફરકાવી દેશના વીરોને યાદ કરવાના આ મિશનમાં ૧૦ **August** ૨૦૨૩ના રોજ વહેલી સવારે ૫.૦૦ વાગ્યે **NIMAS**ના ડાયરેક્ટર રણવીર સિંઘ જમવાલ તથા તેમની ટીમ સાથે સ્થાનિક પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢના માનદ ઈન્સ્ટ્રક્ટરો તથા રાજયના પર્વતારોહી ભાઈઓ અને બહેનો ભવનાથ ખાતેથી જોડાયા હતા અને વહેલી સવારે ગિરનારના ઉચ્ચ ગોરખનાથ શિખર ઉપર તિરંગો લહેરાવી તિરંગાની શાન વધારી હતી તેમજ ૮ ગુજરાત એન સી સી બટાલિયન, બીલખા રોડ, જૂનાગઢ ખાતે તા.૧૦ ઓગષ્ટ ૨૦૨૩ના બપોરે ૧ વાગ્યે સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં એનસીસી ગાનથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. **NIMAS**ના ડાયરેકટર રણવીર સિંઘ જમવાલ તથા તેમની ટીમનું ૮ ગુજરાત એનસીસી બટાલિયન જૂનાગઢના સુબેદાર બિપીન કલિટ તથા પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્રના ઈન્ચાર્જ ઈન્સ્ટ્રક્ટર ઉપેન્દ્રસિંહ રાઠોડ અને પર્વતારોણ કેન્દ્રના માનદ ઈન્સ્ટ્રક્ટરો અને આદર્શ સ્કૂલ ધોરાજી દ્વારા સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ જિલ્લા યુવા વિકાસ અધિકારી નિતાબેન ડી.વાળાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ૭૬માં સ્વતંત્ર દિન ઉજવણી પ્રસંગે અમૃત કાલના 'પંચ પ્રણ' પ્રતિજ્ઞા સૌ એ લીધી હતી. **NIMAS**ના ડાયરેક્ટર રણવીર સિંઘ જમવાલ એ સંબોધતા કહ્યું હતું કે, આપના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન એવા "મારી માટી મારો દેશ, માટી ને નમન વીરો ને વંદન'' થી રાષ્ટ્રની એકતા અખંડિતતા માટે જે શરૂઆત કરવામાં આવી, તેને આગળ વધારવાની સાથે "હર શિખર તિરંગા"ના મિશનથી રાજયના ઉચ્ચતમ શિખરને માન સન્માનથી સર કરવું જોઈએઅને જીવનમાં કોઈ બાબત નાનીના સમજતા બહુ ઉપયોગી સમજી દેશસેવા માટે કામ કરવા અપીલ કરી હતી. આ સન્માન કાર્યક્રમનું સંચાલન હારુન વિહળ એ કર્યુ હતું. **NIMAS**ના ડાયરેક્ટર રણવીર સિંઘ જમવાલના નેતૃત્વમાં દેશમાં ક્યારેયના થયું હોય એવા મિશન હર શિખર તિરંગાનું આયોજન થયેલ છે. તેઓ વિશિષ્ટ સેવા મેડલથી બે વાર સન્માનિત થયેલ છે, તેમજ પહેલા આર્મી ઓફિસર છે કે જેઓ એ ૭ ખંડના ઉચ્ચ શિખરો સર કરેલ છે તેમજ વિશ્વનું ઊંચું શિખર એવરેસ્ટને ૩ વાર સર કરેલ છે. તેમજ દેશનો સાહસ ક્ષેત્રનો સૌથી મોટો તેનજીંગ નોર્ગે એવોર્ડથી ૨૦૧૩માં સન્માનિત થયેલ છે.

# જૂનાગઢમાં તા.૧૪ ઓગસ્ટના બહાઉદ્દીન કોલેજથી કૃષિ યુનિવર્સિટી સુધી ત્રિરંગા યાત્રા યોજાશે

## કલેક્ટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને ત્રિરંગા યાત્રા સંદર્ભે બેઠક યોજાઈ

જૂનાગઢ તા.૧૦

આઝાદી અમૃત મહોત્સવ અન્વયેહર ઘર તિરંગા અનેમારી માટી મારો દેશ અભિયાનયોજાઈ રહ્યો છે. જેના ભાગરૂપે જૂનાગઢમાં તારીખ ૧૪ ઓગસ્ટના બહાઉદ્દીન કોલેજથી કૃષિ યુનિવર્સિટી સુધી ત્રિરંગા યાત્રા યોજાશે. આગામી તા.૧૪ ઓગસ્ટનારોજ યોજાનાર ત્રિરંગા યાત્રાના સુચારૂ આયોજન અંગે આજરોજ કલેક્ટર કચેરીના મુખ્ય સભાખંડ ખાતે કલેકટર અનિલ રાણાવસિયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી. આબેઠકમાં કલેક્ટરે રેલીના રૂટ, રેલીના પ્રસ્થાન સ્થળ ઉપરની આનુસંગિક વ્યવસ્થાઓ, રેલીના મુખ્ય કાર્યક્રમ સ્થળ ઉપર યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતની બાબતે અધિકારીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ બેઠકમાં જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર તન્ના, અધિક કલેકટર પી.જી.પટેલ, જૂનાગઢ પ્રાંત અધિકારી ભૂમિ કેશવાલા, પુરવઠા અધિકારી ચૌધરી તેમજ શિક્ષણ, આરોગ્ય, આરટીઓ, માર્ગ અને મકાન સહિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત વર્ષની જેમ આ વર્ષે પણ તા.૧૪ ઓગસ્ટના રોજ બહાઉદ્દીન કોલેજથી કૃષિ યુનિવર્સિટી સુધી ત્રિરંગા યાત્રા યોજાશે. ત્યારબાદ કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ હોલ ખાતે મુખ્ય કાર્યક્રમ યોજાશે.

# સુપ્રસિધ્ધ યાત્રાધામ વીરપુર ખાતે વીરોને સમર્પિત શિલાફલકમનું લોકાર્પણ, અમૃતવાટિકામાં વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો યોજાયા

(નિતીન વસાણી દ્વારા)

રાજકોટ તા.૧૦

"આઝાદી કા અમૃત મહોત્સવ''ની પૂર્ણાહુતિને વધુ ભવ્ય અને યાદગાર બનાવવા આજથી શરૂ કરી આગામી ૩૧ ઓગષ્ટ સુધી સમગ્ર દેશમાં "મારી માટી, મારો દેશ - માટીને નમન, વીરોને વંદન'' અભિયાન હાથ ધરી વીરોને સમર્પિત જુદા જુદા કાર્યક્રમો યોજાશે ત્યારે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકામાં આવેલ સુપ્રસિધ્ધ યાત્રાધામ વીરપુર ખાતે દેશના વીર સપૂતોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે જુદા જુદા કાર્યક્રમો યોજાયા હતા. જેમાં વીર શહીદોને નમન સાથે અંજલિ અર્પણ કરીને 'શિલાફલકમ''નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ''શિલાફલકમ''ના લોકાર્પણ બાદ "વસુધા વંદન'' કાર્યક્રમ હેઠળ અમૃત વાટિકામાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અમૃતકળશમાં ગામની માટીને એકત્ર કરી દીપ પ્રજવલિત કર્યા બાદ "પંચપ્રાણ પ્રતિજ્ઞા'' લેવામાં આવી હતી. નાગરીકોએ પ્રજવલ્લિત દીપ સાથે સેલ્ફી લઈ દેશના વીર સપૂતોને યાદ કર્યા હતા. આ



કાર્યક્રમમાં ગામના સરપંચશ્રી રમેશભાઈ સરવૈયા, જિલ્લા પંચાયત સદસ્યશ્રી જનકભાઈ ડોબરીયા, ગ્રામ પંચાયતના સર્વે સદસ્યશ્રીઓ, કન્યા અને કુમાર શાળાના આચાર્યશ્રીઓ, તલાટી મંત્રીશ્રી ધર્મેશભાઈ ચાવડા, આંગણવાડીના બહેનો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ જૂનાગઢ દ્વારા ડો. કે.આર. ઉંધાડનું કરાયું સન્માન



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

શ્રી સરદાર પટેલ કર્મચારી મંડળ જૂનાગઢ દ્વારા આયોજિત જૂનાગઢ લેઉવા પટેલ સમાજના તેજસ્વી તારલાઓ, નિવૃત્ત કર્મચારીઓ તથા વિશિષ્ટ પ્રતિભાઓનો ત્રિવિધ ત્રિવેણી સંગમ કાર્યક્રમ કૈલાશ ફાર્મ ખલીલપુર રોડ-જૂનાગઢ મુકામે યોજાયો હતો. આ કાર્યક્રમમાં કૃષિ અને પશુપાલન ગૌ સંવર્ધન મત્સ્ય ઉદ્યોગ કેબિનેટ મંત્રી રાઘવજી પટેલ તથા પ્રાથમિક માધ્યમિકઅનેપ્રૌઢ શિક્ષણ ઉચ્ચ શિક્ષણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી પ્રફુલ પાનસેરીયાના અધ્યક્ષ સ્થાને આ સન્માન સમારોહ યોજાયો હતો. આ ત્રિવિધ કાર્યક્રમોમાં વિશિષ્ટ પ્રતિભાઓ કે જેમણે જુદા-જુદા ક્ષેત્રોમાં ખૂબ જ ઉત્તમોતમ ખેડાણ કરી સિદ્ધિ હાંસલ કરી છે તેમનું વિશિષ્ટ પ્રતિભા સંપન્ન વ્યકિત તરીકે સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. કોકિલા આર. ઉંધાડ પ્રિન્સિપાલ, **G.E.S. CLASS** તરીકે દુધાળા(ગીર) મુકામે પ્રમોશન મેળવી સમાજનું ગૌરવ વધાર્યુંછે. તેમણે વિવિધ ક્ષેત્રોમાં ખૂબ જ સરાહનીય કામગીરી કરી છે તેમજ **GKSSS**-ગ્વાલિયર-મધ્યપ્રદેશમાં **"GLOBAL PRIDE WOMEN AWARD**-૨૦૨૩"૧૪ મે ૨૦૨૩ના રોજ ગ્વાલિયરમાં એવોર્ડ મેળવ્યો હતો. તેની આ સરાહનિય કાર્યની નોંધ સરદાર પટેલ કર્મચારી મંડળના પ્રમુખ હરેશભાઈ વઘાસિયા તથા ઉપમંત્રી પ્રવીણભાઈ ગજેરા તથા મંત્રી જેન્તીભાઈ કાછડીયા દ્વારા આ અનન્ય કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા તેમજ જીવનમાંઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરી આપની નિષ્ઠાને કુશાગ્ર બુદ્ધિના કારણે વિશિષ્ટ સિદ્ધિ મેળવવા બદલ ખુબ શુભકામનાઓ પાઠવી આ તકે સરદાર પટેલ કર્મચારી મંડળ જૂનાગઢ દ્વારા સન્માન પત્ર અર્પણ કરીને સન્માનિત કરતા હર્ષ અને ગૌરવની લાગણી અનુભવી તેમજ જીવનમાં ખૂબ પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી.

# દુધાળા ગામે આરોગ્ય વિભાગ અને ગ્રામ પંચાયત દ્વારા દવાનો છંટકાવ કરાયો

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના, તા.૧૧

ઉના તાલુકાના દુધાળા આરોગ્ય અને પંચાયત વિભાગ દ્વારા રોગચાળાઓ પ્રસરતો અટકાવવા આરોગ્ય લક્ષી ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરેલ જેમાં આરોગ્ય વિભાગના કર્મચારી રાજેશભાઈ ઝણકાટ અને દુધાળા ગામના સરપંચ શ્રીમતી હંસાબેન વંશ અને ગામના આગેવાનો સહીતના સ્ટાફે સાથે રહીને આરોગ્ય લક્ષી કામ કરેલ જેમાં મોટા તળાવોમાં જે મચ્છરના પોરા ખાય છે એવી ગપ્પી અને ગમબુચિયા માછલીઓ મુકેલ જેનો ખોરાક મચ્છરના પોરા છે, બીજી બાજુ માણેકપુર ગામમાં જયા જયા રોડ રસ્તા ઉપર પાણી જમાં થયેલ છે એમાં ડાયફલયુબેનઝુરોન નામની દવાનો છંટકાવ કરેલ છે જે એક બેકટરીયલ દવા છે જે મચ્છરના પોરાને સીધે સીધા મારે છે અને મચ્છરની ઉતપતી અટકાયત કરે છે. આમ દુધાળા ગામમાં આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળા અટકાયતની કામગીરી હાથ ધરેલ હતી.ક

# નવ મિલિયન યુઝર્સ અને આશરે ૫૦ મિલિયન ટ્રાન્ઝેક્શન સાથે પેટીએમ યુપીઆઈમાં મોખરે, કુલ જીએમવી રૂા.૨૮૦ કરોડ થઈ

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૧

ભારતમાં વિકસેલી પેટીએમ પેમેન્ટસ બેંકે અત્યાર સુધીમાં ૯ મિલિયનથી વધુ ઉસર્સ સાથે, ૫૦ મિલિયનથી વધુ યુપીઆઈ લાઈટ ટ્રાન્ઝેકશન કર્યા છે. યુપીઆઈ લાઈટ સાથે જોડાયેલી પ્રથમ પેમેન્ટ બેંક હોવાથી પેટીએમ યુપીઆઈ લાઈટે અત્યાર સુધીમાં રૂા.૨૮૦ કરોડના ટ્રાન્ઝેક્શન કર્યા છે. વધુમાં પેટીએમ ક્યુઆર ઉપર થતાં ૬૩ ટકાથી વધુ યુપીઆઈ લાઈટ પેમેન્ટસ એ પેટીએમ એપ્પ ઉપર થયા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં કરેલી જાહેરાત મુજબ ટ્રાન્ઝેક્શન લિમિટ રૂ. ૨૦૦થી વધારીને રૂા.૫૦૦ કરી છે અને નિયર ફીલ્ડ કોમ્યુનિકેશન (એનએફસી) ટેકનોલોજી મારફતે પેમેન્ટસને વેગ આપતાં પેટીએમ યુપીઆઈ લાઈટ અપનાવવાની ગતિ વધશે. આ કારણે કોર બેંકીંગ સિસ્ટમનો બોજો ઘટશે, કારણ કે ટ્રાન્ઝેક્શન કોર બેંકીંગ સિસ્ટમનો ઉપયોગ કર્યા વગર સીધા ડિવાઈસ અને એનપીસીઆઈ મારફતે થશે. સુપર ફાસ્ટ અને સલામત આર્થિક વ્યવહારો ડિવાઈસ અને યુપીઆઈ વચ્ચે થાય છે તેમજ કોર બેંકીંગ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવતો નથી. સુપરફાસ્ટ અને સલામત ટ્રાન્ઝેક્શન માટે ડિઝાઈન કરવામાં આવેલ પેટીએમ યુપીઆઈ લાઈટ યુઝર્સને ઝડપી પેમેન્ટ કરવાનીસગવડ પૂરી પાડે છે અને પેમેન્ટ ક્યારેય પણ નિષ્ફળ જતા નથી. પીક ટ્રાન્ઝેક્શન સમય દરમ્યાન બેંકોને સફળતા દરની સમસ્યા હોય ત્યારે પણ વપરાશકર્તાઓ સિંગલ-ક્લિક ચુકવણી કરી શકે છે. વધુમાં, પેટીએમ યુપીઆઈ લાઈટે યુઝર્સના ટ્રાન્ઝેક્શનની સુરક્ષા, ૩ લેવલ બેન્ક ગ્રેડ સુરક્ષા સાથે મજબૂત સિક્યોરિટી ફીચર્સ રજૂ કર્યા છે અને તે બેંકની પાસબુકમાં દેખાતા નહીં હોવાના કારણે માત્ર એક જ એન્ટ્રી ધરાવતું ક્લિન પાસબુક સ્ટેટમેન્ટ પ્રાપ્ત થાય છે. તેમાં એક જ દિવસમાં બે વખત મહત્તમ રૂ.૨૦૦૦નું ટ્રાન્ઝેક્શન કરીને દરરોજ રૂા.૪,૦૦૦ના વ્યવહારો થઈ શકે છે.

# ઉનામાં કોળી સેના દ્વારા વૃક્ષારોપણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૧

ગીર સોમનાથ તથા જૂનાગઢ જિલ્લાના કોળી સેના મહિલા પ્રમુખ દીપાબેન બાંભણિયાના અધ્યક્ષતામાં કોળી સેના ઉના શહેર દ્વારા મહાકાલેશ્વર મંદિર, રામાપીર મંદિર તથા અન્ય જગ્યાએ ગીર સોમનાથ તથા જૂનાગઢ જિલ્લાના પ્રમુખ દીપાબેન બાંભણિયા કોળી સેના પ્રમુખ ભાવેશભાઈ સોલંકી ઉપપ્રમુખ પંકજભાઈ સોલંકી મહામંત્રી વિજયભાઈ બાંભણિયા તથા કોળી સેનાના તમામ હોદેદારએ ૫૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ કર્યું હતું.

# છેલ્લા ૯ વર્ષમાં કુદરતી આફતથી અસરગ્રસ્ત ખેડૂતોને રૂા.૧૦,૦૦૦ કરોડથી વધુ રકમની સહાય ચૂકવાઈ

## વાવાઝોડા, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને જમીન ધોવાણ જેવી કુદરતી આફતોને કારણે ખેડૂતોની સ્થિતિ કફોડી

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સરકારનો અભિગમ હંમેશા ખેડૂતલક્ષી રહ્યો છે, વર્ષ ૨૦૧૫-૧૬થી અત્યારસુધીમાં કુદરતી આફતોમાં અસરગ્રસ્ત થયેલા ખેડૂતોને ચૂકવાયેલી સહાયની રકમનો આંકડો આ વાતનો પુરાવો છે. ગુજરાત સરકારના કૃષિ વિભાગમાંથી પ્રાપ્ત વિગતો અનુસાર, ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૫-૧૬થી લઈને વર્ષ ૨૦૨૩-૨૪ સુધીમાં કુદરતી આફતમાં થયેલા પાક નુકશાનીમાં રાહત આપવા ૮૮.૭૬ લાખ અસરગ્રસ્ત ખેડૂતોને રૂા.૧૦,૫૩૨ કરોડથી વધુ રકમની આર્થિક સહાય ચૂકવી છે. એ સર્વવિદિત છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ટીમ ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્ય સાથે કાર્યરત છે પણ કમનસીબે અનેકવાર અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું કે માવઠા જેવા કુદરતી પરિબળોના કારણે કિસાનોએ વ્યાપક પ્રમાણમાં પાક-નુકશાની સહન કરવી પડી છે. જો વિગતવાર જોઈએ તો વર્ષ ૨૦૧૫-૧૬માં ભારે વરસાદ અને કમોસમી વરસાદના પગલે ૧,૮૨,૦૪૧ ખેડૂતોના પાકને મોટાપાયે નુકશાન થયું હતું. આ નુકશાનીની સહાય પેટે સ્ટેટ ડિઝાસ્ટર રિલિઝ ફંડ હેઠળ ખેડૂતોને રૂા.૨૭૯.૨૨ કરોડની સહાય ચૂકવવામાં આવી હતી. તે જ રીતે વર્ષ ૨૦૧૭-૧૮માં ભારે વરસાદ, પૂર અને જમીન ધોવાણના કિસ્સામાં ૭,૬૯,૫૭૦ ખેડૂતોને નુકશાની સહનકરવાનો વારો આવ્યો હતો. રાજય સરકારે ખેડૂતોને આ નુકશાની પેટે રૂા.૧૭૦૬.૬૦ કરોડની રકમ સહાય તરીકે ચૂકવી હતી. બીજા જ વર્ષે એટલે કે વર્ષ ૨૦૧૮-૧૯માં પણ ભારે વરસાદ, પૂર અને દુષ્કાળ જેવી આફતોમાં ૧૭,૫૯,૬૧૪ ખેડૂતોને રાજય સરકારે રૂા.૧,૬૭૮.૦૯ કરોડની રકમ સહાય પેટે ચૂકવી, તે જ રીતે વર્ષ ૨૦૧૯-૨૦માં પણ કમોસમી વરસાદના કિસ્સામાં ૩૩,૧૮,૦૯૭ ખેડૂતોને કૃષિ સહાય પેકેજ તરીકે રૂા.૨૪૮૯.૫૮ કરોડની સહાય ચૂકવવામાં આવી. વર્ષ ૨૦૨૦-૨૧ પણ બાકાત ન હતું. આ વર્ષામાં ભારે વરસાદ, પૂરના પગલે રાજ્યના ૧૯,૦૩,૫૭૫ ખેડૂતોને ખેતીમાં નુકશાન થયું. જેની સહાય પેટે સરકાર દ્વારા રૂા.૨૯૦૫.૯૭ કરોડની ચૂકવણી કરવામાં આવી. વર્ષ ૨૦૨૧-૨૨માં વાવાઝોડાએ કહેર વર્તાવ્યો. વાવાઝોડાથી થયેલા નુકશાનના પગલે રાજ્યના ૭,૬૭,૩૩૦ ખેડૂતોને બે તબક્કામાં રૂા.૧૨૪૦.૫૮ કરોડની સહાય ચૂકવવામાં આવી. વર્ષ ૨૦૨૨-૨૩માં પણ રાજયએ અતિવૃષ્ટિનો સામનો કરવો પડ્યો. અતિવૃષ્ટિના કારણે ૧,૩૮,૬૯૧ ખેડૂતોને આર્થિક નુકશાની સહન કરવાનો વારો આવ્યો. આ સ્થિતિમાં રાજ્ય સરકારે રૂા.૧૪૭ કરોડની સહાય ચૂકવી. વર્ષ ૨૦૨૩-૨૪માં પણ કમોસમી વરસાદની સ્થિતિમાં ૩૭,૦૪૫ ખેડૂતોને કૃષિ રાહત પેકેજ જાહેર કરીને ૮૫.૪૯ કરોડની સહાય ચૂકવી.

# બ્રિટિશ કાઉન્સિલની ઈંગ્લીશ સ્કોરની ઓનલાઈન પરીક્ષાઓ અને ટ્રેનિંગ માટે MOU કરવામાં આવ્યા

## પરીક્ષાના મોડ્યુલસમાં વ્યાકરણ અને શબ્દભંડોળ સાથે અન્ય કૌશલ્યો ઉપર ભાર મૂકાશે

ગાંધીનગર, તા.૧૧

ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણમંત્રી ઋષિકેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે બ્રિટિશ કાઉન્સિલ અને SCOPE વચ્ચે MOU કરાયા હતા. સ્કોપ દ્વારા બ્રિટિશ કાઉન્સિલ સાથે એગ્રીમેન્ટ કરીને તેની પરીક્ષાઓ તથા ઓનલાઈન ટ્રેનિંગનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને તથા આમ જનતાને સુપેરે મળી રહે અને માતૃભાષાની સાથે અંગ્રેજી ભાષાનું જ્ઞાન અને સમજણમાં પણ વધારો થાય તે હેતુથી MOU કરવામાં આવ્યા છે. આ પરીક્ષાના મોડ્યુલસમાં વ્યાકરણ અને શબ્દભંડોળસાથે Stering, Spooking, Reading અને Writing જેવા કૌશલ્યો ઉપર ભાર મૂકવામાં આવશે. ઓનલાઈન મોડ્યુલ્સ દ્વારા તેનો અભ્યાસ કરી સરળતાથી તેની પરીક્ષા આપી શકાશે અનેઆંતરરાષ્ટ્રીય કક્ષાનું પ્રમાણપત્ર વિદ્યાર્થીઓ તથા ગુજરાતના નાગરિકો મેળવી શકશે. આ ઉપરાંત લાભાર્થી માટે તેઓને અનુકૂળ સમય અનુસાર દર મહિને ૨૫ મિનિટના ૪ વેબિનરની સવલત બ્રિટિશ કાઉન્સિલના કુશળ ટ્રેનર્સ દ્વારા આપવામાં આવશે. વર્ષમાં દુનિયાભરના ૨૦ લાખથી વધુ લોકો તેનો લાભ લે છે. આ પરીક્ષા ૧૫૦થી વધુ દેશોમાં અને વિશ્વભરની ૨૫૦થી વધુ યુનિવર્સિટીઓમાં માન્ય છે. ઈંગ્લીશ સ્કોરની પરીક્ષા વિશ્વભરના શૈક્ષણિક નિષ્ણાતો જેવા કે ‘સેન્ટર ઓફ રિસર્ચ ફોર ઈંગ્લીશ લર્નિંગ’ અને યુનિવર્સિટી ઓફ બેડફોર્ડશાયર ખાતે ભાષાનું મૂલ્યાંકન કરીને તૈયાર કરવામાં આવેલ છે, જેનું પરિણામ કોમન યુરોપીયન ફ્રેમવર્ક (CEFR) ઉપર આધારિત છે. ઈંગ્લીશ સ્કોરની પરીક્ષા વિદ્યાર્થીઓને જોબ પ્લેસમેન્ટ અને જોબ પ્રોગ્રેસમાં લાભ થવા પાત્ર છે. સ્નાતક વિદ્યાર્થીઓને ઈલેશ સ્કોર પરીક્ષા આપીને તેમનું અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ જાણી શકશે અને તેમના રોજગાર માટે મદદરૂપ બનશે. અત્રે નોંધનીય બાબત એ છે કે, વર્ષ ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનહેઠળ વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષાનું જ્ઞાન વધે તે ઉમદા હેતુથી Society for Creation of Opportunities through Proficiency in English- SCOPEની સ્થાપના કરાઈ હતી.

## ભરૂચ બેઠક ઉપર ૬ ટર્મથી ભાજપ સાંસદ મનસુખ વસાવા સામે ઉતરશે

# ગુજરાતમાં આપના એકમાત્ર આદિવાસી ધારાસભ્ય ચૈતર વસાવા લોકસભા ચૂંટણી લડશે



ભરૂચ, તા.૧૧

લોકસભાની આગામી ચૂંટણીને લઈ કોંગ્રેસ અને વિપક્ષોએ BJP સામે I.N.D.I.A. ગઠબંધનની જાહેરાત કરી દીધી છે. ત્યારે ગુજરાત આપના એકમાત્ર આદિવાસી ધારાસભ્ય દેડિયાપાડાના ચૈતર વસાવાએ ભરૂચ લોકસભા બેઠક લડવાનું એલાન કરી દીધું છે. ગુજરાતમાં લોકસભા ચૂંટણીને હવે ગણતરીના ૮ મહિનાઓ બાકી રહ્યા છે. ચૂંટણીને લઈને જ્યાં રાજકીય પક્ષો રણનીતિ ઘડવામાં લાગ્યા છે. ભાજપની નજર ફરીથી ગુજરાતમાં તમામ ૨૬ બેઠકો જીતવા ઉપર છે, તો આ વખતે AAPએ જાહેરાત કરી છે કે તે કોંગ્રેસ સાથે ગઠબંધનમાં લોકસભા ચૂંટણી લડશે. હવે ગુજરાતમાં આમઆદમી પાર્ટીનો આદિવાસી ચહેરો ચૈતર વસાવા પણ લોકસભાની ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે. AAPએ લીલી ઝંડી આપતા ચૈતર વસાવાએ ચૂંટણી લડવાની પુષ્ટિ કરી છે. ભરૂચની લોકસભા સીટ ઉપર છેલ્લી ૬ ટર્મથી ભાજપના સાંસદ મનસુખ વસાવા જીતતા આવ્યા છે. AAPના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, તેઓ ચૂંટણી લડવાના છે અને પાર્ટીના હાઈકમાન્ડે પણ તેમને કહ્યું છે તેઓ ભરૂચની લોકસભા સીટ ઉપરથી ચૂંટણી લડશે. અહીંથી તેઓ ભાજપના વર્તમાન સાંસદ મનસુખ વસાવાને ટક્કર આપશે અને તેમણે આ બાબતે પોતાની તૈયારીઓ પણ કરી લીધી હોવાનું જણાવ્યું હતું. વિધાનસભાના પરિણામ મુજબ જોઈએ તો રાજયની બારડોલી, વલસાડ, દાહોદ, છોટાઉદેપુર અને જામ જોધપુર બેઠક ઉપર AAP બીજા નંબરે રહી છે. એટલે આગામી દિવસોમાં આ બેઠકો ઉપર આપનું તમામ ધ્યાન રહેશે અને INDIA ટીમના ગઠબંધનમાં આપ આટલી સીટનો દાવો કરશે. ભરૂચ લોકસભા બેઠક લડવા માટે આમઆદમી પાર્ટીએ કોંગ્રેસ સાથે ગઠબંધન કરવુ પડશે. અને સૌથી મોટો પડકાર કોંગ્રેસને મનાવવાનો રહેશે. ભરૂચ ઉપર બેઠક માટે ઉમેદવારીની ચૈતર વસાવાની સંપૂર્ણ તૈયારી છે. ત્યારે જોવાનું રહેશે કે ભરૂચ સહિત રાજયની અન્ય આદિવાસી બેઠકો ઉપર આપની તૈયારી કેવી રહેશે. અને કોંગ્રેસ આપના ઉમદેવારોને કેટલી બેઠકો ઉપર પોતાનો હાથ મિલાવી સાથ આપશે. ગુજરાતની લોકસભાની ચૂંટણીમાં ૨૬ એ ૨૬ બેઠક તો ભાજપ પાસે છે. ત્યારે કોંગ્રેસ પાસે કશું મેળવવા જેવું કે ગુમાવવા જેવું નથી. આગામી લોકસભાની ચૂંટણીમાં આમઆદમી પાર્ટી પણ ચૂંટણીમાં ઝુકાવશે તેની અગાઉ પણ જાહેરાત અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ કર્યા બાદ હવે AAPના પહેલા ઉમેદવારનું નામ સામે આવી ગયું છે. જોકે AAP સાથે ગઠબંધનમાં ચૂંટણી લડવા વિશે ગુજરાત કોંગ્રેસના નેતાઓએ કોઈ નિવેદન આપ્યું નથી. ત્યારે આગામી દિવસોમાં જો બંને વચ્ચે ગઠબંધનમાં ચૂંટણી લડાશે તો ટિકિટની ફાળવણી રસપ્રદ બનવા સાથે કોંગ્રેસમાં નરાજગીનો દાવાનળ પણ ઉભો કરશે.

# સુપ્રીમ કોર્ટે ચિત્તાના મૃત્યું વિશે ‘જાહેર ચિંતા’ અંગે સુનાવણી કરી અને તેમના માટે યોગ્ય અનુકૂળ વાતાવરણ માટે નિષ્ણાંતોની સલાહ લેવા કહ્યું



(એજન્સી) તા.૧૧

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કેન્દ્રને મધ્યપ્રદેશના કુનો નેશનલ પાર્ક (KNP) ખાતે દક્ષિણ આફ્રિકા અને નામીબિયામાંથી સ્થાનાંતરિત ૨૦ પુખ્ત ચિત્તાઓમાંથી છના મૃત્યુ અંગે "જાહેર ચિંતા" દૂર કરવા જણાવ્યું હતું. જસ્ટિસ બી.આર. ગવઈની ત્રણ જજોની બેંચ સમક્ષ એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યાભાટીએ જણાવ્યું હતું કે આ મૃત્યુ, કમનસીબ હોવા છતાં અપેક્ષિત હતા. સુશ્રી ભાટીએ જણાવ્યું હતું કે બચી ગયેલા ચિત્તાઓના સ્વાસ્થ્ય ઉપર નજર રાખવા માટે કેન્દ્ર દ્વારા ૧૧ સભ્યોની નિષ્ણાત સમિતિની રચના કરવામાંઆવી છે.કાયદા અધિકારીએ કોર્ટને ખાતરી આપી હતી કે સરકાર આંતરરાષ્ટ્રીય ચિત્તા સંરક્ષણવાદીઓ પાસેથી ઈનપુટ્સ લેશે. જયારે તેના મૃત્યુના કારણો વિશે પૂછવામાં આવ્યુંત્યારે, સુશ્રી ભાટીએગરમ ઉનાળાને જવાબદાર ગણાવ્યો હતો. તેણીએ કહ્યું કે આફ્રિકન ખંડમાં શિયાળો હોવાથી ચિત્તાઓને શિયાળાના કોટ્સને કારણે ચેપ લાગ્યો હતો. જસ્ટિસ પીએસ. નરસિંહે પૂછ્યું કે, શું તે અપેક્ષિત ન હતું ? જયારે તમે તેમને અહીં લાવ્યા ત્યારે તમે શું પગલાં લીધાં હતા ? તેમને સ્થાનાંતરિત કરતી વખતે તમારી દૃષ્ટિ શું હતી ? સુશ્રી ભાટીએ જણાવ્યું હતું કે બચી ગયેલા પ્રાણીઓની સારવાર કરવામાં આવી હતી અને તેઓની દેખરેખ રાખવામા આવી રહી છે. અદાલત સંરક્ષણવાદીઓની અરજી ઉપર સુનાવણી કરી રહી હતી જેણે ફરિયાદ કરી હતી કે કેન્દ્ર KNP ખાતે ચિત્તાના મૃત્યુને રોકવા માટે અસરકારક પગલાં લઈ રહ્યું નથી. તેઓએ આરોપ લગાવ્યો હતો કે સરકારે આ પ્રાણીઓ આ અનુકૂલનને સરળ બનાવવા માટે સ્થાપિત આંતરરાષ્ટ્રીય ટાસ્ક ફોર્સની સલાહ લેવાનું બંધ કરી દીધું છે. અદાલતે આખરે આ અરજીનો નિકાલ કરતા કહ્યું કે ચિતા પ્રોજેક્ટને સફળ બનાવવાના તેના પ્રયત્નો વિશે કેન્દ્રના નિવેદનો પર અવિશ્વાસ કરવાનું કોઈ કારણ નથી. કોર્ટે કહ્યું કે આ પ્રોજેક્ટ ન્યાયતંત્રને બદલેક્ષેત્રના નિષ્ણાતોનીસલાહ ઉપર છોડી દેવું વધુ સારૂં છે. પર્યાવરણ મંત્રાલય અને નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) દ્વારા તાજેતરના એફિડેવિટમાં સુપ્રીમ કોર્ટને જાણ કરવામાં આવી હતી કે KNP ઉપર ચિત્તાનું કામચલાઉ નિદાન કુદરતી કારણો તરફ નિર્દેશ કરે છે. સરકાર અને એનટીસીએએ કહ્યું હતું કે મૃત્યુદર ચિંતાજનક હોવા છતાં તેના નિવારણની જરૂર છે, તે અયોગ્ય રીતે ચિંતાજનક નથી. સરકારે કહ્યું કે તેમાં જીવિત રહેવાનો દર ઓછો છે - જે ૫૦% છે, પુખ્ત વયના ચિત્તાઓની વસ્તીમાં, બચ્ચા લગભગ ૧૦% અસ્તિત્વ ધરાવે છે. સપ્ટેમ્બર ૨૦૨૨ અને ફેબ્રુઆરી ૨૦૨૩માં ચિત્તાના બે જથ્થા, આઠ નામિબિયાના અને ૧૨ દક્ષિણ આફ્રિકાના, KNPમાંસ્થાનાંતરિત કરવામાં આવ્યા હતા. આજની તારીખે ચૌદ પુખ્ત ચિત્તા અને એક ભારતીય મૂળના બચ્ચા જીવિત છે. કુનોમાં છ પુખ્ત ચિત્તા અને ત્રણ બચ્ચા મૃત્યુ પામ્યા હોવાના અહેવાલ છે. આ બચ્ચા ગંભીર રીતે નિર્જલીકૃત અને ઓછા વજન સાથે મળી આવ્યા હતા. સુપ્રીમ કોર્ટે ૨૦ જુલાઈના રોજ ટીપ્પણી કરી હતી કે ૨૦ ચિત્તાઓમાંથી ૪૦%ના મૃત્યુ એ સારા સમાચાર નથી. જો કે, એફિડેવિટમાં ખાતરી આપવામાં આવી હતી કે બચી ગયેલા ચિત્તાઓની સુખાકારી સુનિશ્ચિત કરવા માટે પગલાં લેવામાં આવ્યા છે, જેમાં તેમના પકડવા અને ગંભીર તબીબી તપાસનો સમાવેશ થાય છે. તેર પુખ્ત અને એક બચ્ચાને પહેલેથી જ પકડી લેવામાં આવ્યા છે અને સારવાર આપવામાં આવી છે. આ એકશન પ્લાન મુજબ, સરકાર અને NTCA આગામી પાંચ વર્ષ સુધી આફ્રિકન દેશોમાંથી વાર્ષિક ૧૨-૧૪ચિત્તા લાવવા માગે છે. કોર્ટે સરકારને વિનંતી કરી હતી કે જો જરૂરી હોય તો તેઓને વધુ અનુકૂળ વાતાવરણમાં રાખવા જોઈએ અને તેને પ્રતિષ્ઠાનો મુદ્દો ન બનાવવો જોઈએ.

# એસ.ટી બસમાં બેન્ક કર્મી પાસેથી મહિલા કંડક્ટરે લેપટોપનું પણ ભાડુ વસૂલતા વિવાદ

મોડાસા, તા.૧૧

અંતોલી-અમદાવાદની ST બસમાં મોડાસાના બેંક કર્મી લેપટોપ સાથે મુસાફરી કરીરહ્યા હતા બસ રોઝડ ગામ નજીક પહોંચી ત્યારે બેંક કર્મી પાસેથી મહિલા કંડક્ટરે બળજબરી પૂર્વક લેપટોપની ટિકિટ લીધી ત્યારબાદ લેપટોપ ભાડા અંગેનો પરિપત્ર માંગણી કર્યા બાદ બંને વચ્ચે બોલાચાલી થઇ હતી ત્યારબાદ યુવકે ફેસબુક ઉપર લેપટોપનું ૮૮ રૂપિયા ભાડું મહિલા કંડકટરે લેવા અંગે અને મહિલા કંડકટરે ઉધ્ધત વર્તન કર્યું હોવાની પોસ્ટ વાયરલ થતા સમગ્ર મામલો સોશ્યલ મીડિયા અને મીડિયામાં ચમક્યો હતો આખો દિવસ ગરમ રહેલો મામલો સાંજે બંનેને ભૂલ સમજાતા ગેરસમજના નામે સમગ્ર મામલા ઉપર ઠંડુ પાણી રેડીદીધું હતું મોડાસા અમદાવાદ જતી બસમાં કંડક્ટરે બેંક કર્મચારી પાસેથી બસમાં લેપટોપ વાપરવા બદલ ૮૮ રૂપિયા ભાડું લીધું હોવાની પોસ્ટથી સમગ્ર દિવસ દરમ્યાન લેપટોપનું ભાડું કાયદેસર કે ગેરકાયદેસર લીધું હોવાની ચર્ચા ચાલી હતી સમગ્ર પ્રકરણમાં એસટી તંત્ર અને મહિલા કંડકટરના માથે માછલાં ધોવાયા હતા મોડાસા એસટી ડેપો મેનેજરે સમગ્ર મામલો ગંભીરતા પૂર્વક લીધો હતો બેંક કર્મી પણ એસટી ડેપોમાં પહોંચ્યા બાદ મહિલા કંડકટર અને બેંક કર્મી વચ્ચે સમાધાન થયું હતું ત્યારે બેંક કર્મીએ મહિલા કંડકટર લેપટોપનું ભાડું વસૂલવા ના પાડતી હોવા છતાં બળજબરી પૂર્વક લેપટોપની ૮૮ રૂપિયા ટિકિટ લેવડાવ્યા બાદ જાણે અહમ ઘવાયો હોય તેમ સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી વિવાદ સર્જનાર બેંક કર્મી સામે અનેક સવાલ પેદા થયા હતા અને બેંક કર્મીના લીધે મહિલા કંડકટરને અનેક સવાલોના જવાબ આપવાની નોબત આવી હતી સમગ્રવિવાદ અંગે બેંક કર્મી સોશ્યલ મીડિયા મારફતે ચમકવા માંગતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

# સુરતના મોરાભાગળ વિસ્તારમાં એક બાઈક ઉપર છ સવારી : ચાલકની ધરપકડ

સુરત, તા.૧૧

સુરતમાં ટ્રાફિક નિયમોના ભંગ કરતા વાહનચાલકોને હવે લોકો જ સબક શીખવાડી રહ્યા છે. સુરતના મોરાભાગળ વિસ્તારમાં એક બાઈક ઉપર છ સવારી જઈ રહેલ યુવકોનો ફોટો પાડી એક નાગરિકે ટ્રાફિક પોલીસના હેલ્પલાઈન નંબર ઉપર મોકલી આપ્યો હતો. પોલીસે તાત્કાલિક આ અંગે તપાસ કરાવી બે જ કલાકમાં બાઈકચાલકને ઝડપી પાડયો હતો. શહેરમાં ટ્રાફિક નિયમો ભંગકરનાર કે સ્ટંટ કરનાર સામે સ્થાનિક લોકો જ તેમનો વીડિયો કે ફોટો પાડી ટ્રાફિક પોલીસને પહોંચાડીને સબક શીખવાડી રહ્યા છે. સુરત પોલીસે જાહેર કરેલા હેલ્પલાઈન નંબર ઉપર અજાણ્યા વ્યક્તિએ એક મોટરસાઈકલ નંબર જીજે-૦૫ કેઈ-૭૩૦૫ ઉપર ડ્રાઈવર અને અન્ય પવ્યક્તિઓ એમકુલ-૦૬ વ્યકિતઓનો સાથેનો વાહનચાલકનો ફોટો મોકલ્યો હતો. તેમાં પોલીસને મોરા ભાગ આગળ સીકોતર માતાના મંદિર પાસેથી મુસાફરી કરતા હોવાનું જણાવ્યું હતું. જેને લઈ પોલીસે તાત્કાલિકઆ વાહનચાલક સામે કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસે જોખમી રીતે બાઈક ઉપર ૬ સવારી કરી વાહન હંકારનારને ૩ કલાકમાં જ ઝડપી પાડયો હતો. પોલીસનેગત સાંજે ૫વાગે જાણ થયા બાદ રાત્રે ૮ વાગ્યા સુધીમાં તેની ધરપકડ કરી લીધી હતી. પોલીસે પહેલાં નંબરના આધારે મો.સા.ના માલિકની ખાતરી કરી તો પહેલા માલિક ગોવિંદભાઈ જોખુભાઈ પ્રજાપતિ જણાતા તેનો સંપર્ક કરતા ગાડી માલિકના પુત્ર ગૌતમ મળી આવ્યો હતો. ત્યારે પોલીસે વાઈરલ ૬ સવારીનો ફોટો બતાવ્યો તો ખબર પડે કે મો.સા.તો પિતાએ સાતેક વર્ષ પહેલા ઓલપાડ ખાતેના તેમના મિત્રને વાપરવા આપ્યું છે.મિત્ર કનૈયા મંડીની પોલીસે તપાસ કરતા જાણવા મળ્યું કે તે મો.સા.પોતાના કલરકામના કારીગર બ્રિજેશ મુનીમ નિષાદ ચલાવેછે. જેથી પોલીસે આરોપી બ્રિજેશ મુનીમ નિષાદ સુધી પહોંચી તેની ધરપકડ કરી તેના વિરૂદ્ધમાં કાયદેસર કાર્યવાહી કરી હતી. પોલીસે આરોપીની વિરૂદ્ધ મોટર વિહિકલ એક્ટ મુજબનો જહાંગીરપુરા પોલીસ મથકમાં ગુનો નોંધાવી વધુતપાસ માટે આરોપીને જહાંગીરપુરા પોલીસ સ્ટેશન સોંપ્યો છે.

## રાજ્યમાં ૨૦૬ જળાશયો પૈકી ૯૨ હાઈએલર્ટ, ૨૬ એલર્ટ, ૧૧ ચેતવણી ઉપર

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે રાહત કમિશ્નર અલોકકુમાર પાંડેના અધ્યક્ષસ્થાને વેધર વોચ ગૃપની બેઠક યોજાઈ હતી. જેમાં રાહત કમિશ્નર દ્વારા વિવિધ વિભાગોની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં IMD અને ISROના અધિકારી દ્વારા આગામી દિવસોમાં રાજયમાં હળવો વરસાદ પડી શકે છે, ભારે વરસાદની સંભાવના ન હોવાનું જણાવાયું હતું. સરદાર સરોવર નર્મદા નિગમ લિ.ના અધિકારી દ્વારા સરદાર સરોવર ડેમની પરિસ્થિતિની માહિતી આપવામાં આવી. જયારે સિંચાઈ વિભાગના અધિકારીએ રાજ્યમાં ૨૦૬ જળાશયો પૈકી ૯૨ જળાશય હાઈ એલર્ટ, ૨૬ જળાશય એલર્ટ અને ૧૧ જળાશય વોર્નિંગ ઉપર હોવાનું જણાવ્યું હતું. આ મીટિંગમાં કૃષિ, ફોરેસ્ટ, બાયસેગ, જી.એમ.બી.,પંચાયત, કોસ્ટ ગાર્ડ, ઉર્જા, ઈસરો, ફાયર, ફીશરીઝ, માર્ગ અને મકાન, BISAG, GSRTC, GSDMA, એરફોર્સ, યુ.ડી.ડી., પશુપાલન અને માહિતી વિભાગના નોડલ અધિકારીઓ હાજર રહ્યા હતા.

# દેશમાં ૮૨ ટકા હિંદુઓ છે માટે આપણે પહેલેથી જ હિન્દુ રાષ્ટ્ર છીએ : કમલનાથ

નવી દિલ્હી, તા.૧૧

કોંગ્રેસના સાંસદ અને મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી કમલનાથે તાજેતરમાં કહ્યું હતું કે, દેશના ૮૨% લોકો હિંદુ હોવાથી ભારત પહેલેથી જ એક હિંદુ રાષ્ટ્ર છે. હિંદુ રાષ્ટ્ર માટે સ્વ-શૈલીના ગોડમેન ધીરેન્દ્ર શાસ્ત્રીની માંગનો ઉલ્લેખ કરતા તેમણે આ નિવેદન આપ્યું હતું અને ઉમેર્યું કે, આ બાબતે કોઈ ચર્ચા થવી જોઈએ નહીં કારણ કે, તે ડેટા દ્વારા સમર્થિત એક સ્થાપિત હકીકત છે. તેમણે જણાવ્યું કે, ડેટા દર્શાવે છે કે, આપણા દેશમાં ૮૨ ટકા હિંદુઓ છે. અહીં એવી કોઈ ચર્ચા કરવાની જરૂર નથી કે આપણે હિન્દુ રાષ્ટ્ર છીએ. કોંગ્રેસ નેતાનું આ નિવેદન રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના નેતાએ છિંદવાડામાં બાગેશ્વર ધામના મુખ્ય પૂજારી ધીરેન્દ્ર શાસ્ત્રીનું સ્વાગત કર્યા પછી કમલનાથના પુત્ર સાંસદ નકુલ કમલનાથ ઉપર પ્રહાર કર્યાના એક દિવસ પછી આવ્યું છે. આરજેડી અને કોંગ્રેસ બંને વિપક્ષી જૂથ ભારતનો ભાગ છે. આ ટીકાએ નવા વિપક્ષી ગઠબંધનમાં આંતરિક સંઘર્ષની અટકળો ઊભી કરી હતી. RJDના દિગ્ગજ નેતા શિવાનંદ તિવારીએ કોંગ્રેસના સાંસદનકુલ કમલનાથની છિંદવાડામાં ધીરેન્દ્ર શાસ્ત્રીને હોસ્ટ કરવા બદલ ટીકા કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે, બાગેશ્વર ધામના વડા ખુલ્લેઆમ ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવાની હિમાયત કરે છે. તિવારીએ કહ્યું કે, અમે શાસ્ત્રીનો તેમના હિંદુત્વના એજન્ડા માટે વિરોધ કરી રહ્યા છીએ. આપણો દેશ બંધારણ દ્વારા સંચાલિત છે, અન્ય કોઈ વિચારધારાથી નહીં. રાજકીય લાભ મેળવવા માટે શું આપણે આવા નવા નીચા સ્તરે જઈશું ? નકુલ કમલનાથે ટ્વિટર ઉપર પોતાનો ઉત્સાહ વ્યકત કરતા સ્વ-શૈલીના ગોડમેનનું સ્વાગત કર્યું હતું. કોંગ્રેસના આ સાંસદે કહ્યું હતું કે, આ અમારૂં સૌભાગ્ય છે કે, ગુરૂદેવના ચરણ છિંદવાડાની પવિત્ર ભૂમિને સ્પર્શ્યા છે.

## ભૂપેશ બઘેલ સરકારે શિક્ષણમાં ૫૮ ટકા અનામત લાગુ કરવાનો નિર્ણય લીધો

(એજન્સી) તા.૧૧

વિધાનસભા ચૂંટણી પહેલા ભૂપેશ બઘેલ કેબિનેટે રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ પ્રક્રિયામાં અનુસુચિત જનજાતિ, અનુસુચિત જાતિ અને અન્ય પછાત વર્ગ માટે ૫૮ ટકા અનામત લાગુ કરવાનો સોમવારે નિર્ણય લીધો. આ નિર્ણય સુપ્રીમકોર્ટ દ્વારા આ વર્ષ મેમાં છત્તીસગઢ હાઈકોર્ટે આ આદેશ ઉપર પ્રતિબંધ લગાવ્યા પછી આપવામાં આવેલી વચગાળાની રાહત પછી આપ્યો છે. હાઈકોર્ટે રાજયને પહેલાથી હાજર અનામત સીસ્ટમ મુજબ નિમણૂક અથવા પસંદગી પ્રક્રિયા જારી રાખવાની પરવાનગી આપી. પાછલા વર્ષે સપ્ટેમ્બરમાં છત્તીસગઢ હાઈકોર્ટે શૈક્ષણિક સંસ્થાઓ અને નોકરીઓમાં ૫૮ ટકા અનામતનો બિનબંધારણીય બતાવતા રદ કરી દીધી હતી. ૨૦૧૨માં રમનસિંહ સરકારના નેતૃત્વવાળી ભાજપ સરકારે શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી નોકરીઓમાં કોટા ૫૮ ટકા સુધી વધારી દીધો. અનુસૂચિત જાતિ માટે અનામત ૧૬ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરી દેવામાં આવી. સત્તાવાર પ્રવકતાએ જણાવ્યું કે વચગાળાના આદેશ મુજબ ભૂપેશ બઘેલ કેબિનેટે રાજયની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ પ્રક્રિયાને પૂર્વ અનામત સીસ્ટમ હેઠળ આયોજીત કરવાનો નિર્ણય લીધો છે.

# ગીર સોમનાથ જીલ્લામાં હત્યા, ચોરી જેવા ગુનાઓ ઉકેલવા તથા માનવતારૂપી ફરજ બજાવવા બદલ પોલીસ કર્મીઓનું પોલીસ અધિક્ષકએ સન્માન કર્યુ

## પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧૧

ગીર સોમનાથ જિલ્લાના પોલીસ કર્મચારીઓને પ્રોત્સાહન આપવાના હેતુસર જિલ્લા પોલીસવડાએ ગુનાઓ ઉકેલવા માટે અને મુશ્કેલીમાં મુકાયેલા લોકોની મદદ કરનાર પોલીસ કર્મચારીઓને સન્માન કરવાની નવી પહેલની શરૂઆત કરી છે. જેમાં એલસીબી, એસઓજી, પ્ર.પાટણ અને ઉનાના એક-એક પોલીસકર્મીનું સન્માન કર્યુ છે.

પોલીસ કર્મચારીઓની નૌકરી કાયમી કામના ભારણ અને તનાવભરી હોય છે તે માહોલને બદલવાની સાથે પોલીસ કર્મીઓ હળવા મને ફરજ બજાવતા રહે તે માટે ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ કર્મચારીઓને માન-સન્માન આપવા નવી પહેલની શરૂઆત કરી છે. જેમાં જુલાઈ મહિનામાં હત્યા, ચોરીના અણઉકેલ ગુનાઓ ઉકેલવા માટે સારી કામગીરી કરનાર ચાર કર્મચારીઓને સન્માન કરવામાં આવ્યા છે જેમાં એસઓજીના નરવણસિંહ ગોહિલને તાલાલા પંથકમાં થયેલ હત્યાનો ગુનો ઉકેલવામાં કરેલ કામગીરી બદલ, તો એલસીબીના રાજુ ગઢીયાને ઉના પંથકના સનખડાના આધેડની થયેલ હત્યાનો ગુનો ઉકેલવા કરેલ નોંધનીય કામગીરી બદલ, ઉનાના રાહુલ છેલાણાએ ત્રણ બાઈક ચોરીના અણઉકેલ ગુના અંગે બાઈક ચોરને ઝડપી લઈ ગુનાઓ ઉકેલવાની કરેલ કામગીરી કરવા બદલ અને પ્રભાસ પાટણ પોલીસના કનકસિંહ કાગડાએ તાજેતરમાં પડેલ ભારે વરસાદના સમયે સોમનાથ બાયપાસ ઉપરની સોસાયટીમાં ભરાયેલ માથાડૂબ પાણીમાં ફસાયેલા ૩ર સ્થાનીક લોકોને ખંભે બેસાડી દોરડાના સહારે દિલધડક રેસ્ક્યુ કરવાની કામગીરી કરવા બદલ સન્માન માટે પસંદ કરાયા હતા.

આ ચારેય પોલીસકર્મીઓને તેમની કામગીરીની પ્રશંસા રૂપે જિલ્લાપોલીસવડા મનોહરસિંહ જાડેજાએ પ્રમાણપત્ર આપી સન્માનિત કરેલ છે. આ કાર્યક્રમમાં ડીવાયએસપી વી.આર.ખેંગાર, એસઓજી પીઆઈ એ.બી. જાડેજા, એલસીબી પીઆઈ વી.કે.ઝાલા સહિતના અધિકારીઓ અને પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા.

# જૂનાગઢ ડો.સુભાષ મહિલા કોલેજ અને મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે 'મેરી મિટ્ટી મેરા દેશ' અંતર્ગત કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૧

જૂનાગઢની ડો. સુભાષ મહિલા આર્ટસ, કોમર્સ એન્ડ હોમસાયન્સ કોલેજ અને જૂનાગઢ મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 'મેરી મિટ્ટી મેરા દેશ' અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જૂનાગઢ મહાનગરપાલિકાના પૂર્વ મેયર અને વોર્ડનંબર ૧૦ કોર્પોરેટર આરતીબેન જોશી, પૂર્વ ડે.મેયર દિવાળીબેન પરમાર, દબાણ અધિકારી સોન્દરવા, સેનેટરી ઈન્સ્પેકટર રાજેશભાઈ ઠક્કર અને અન્ય કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કોલેજના આચાર્ય ડો.બલરામ ચાવડાએ કર્યું હતું. અને પ્રારંભિક ભૂમિકા રૂપે વકતવ્ય આપતા આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે દેશ માટે શહીદી વહોરનાર સ્થાનિક સ્વાતંત્ર્ય સૈનિકોની ભૂમિકા, સ્ટેટ પોલીસ ફોર્સની શહીદીને યાદ કરી એમના પરિવારોને સન્માન આપવાની વાત કરી હતી. ત્યાર બાદ કોલેજની એએસએસની વિદ્યાર્થીઓ દ્વારા નજીકની ગ્રામ પંચાયતમાં ૭૫ વૃક્ષો રોપી 'અમૃતવાટિકા' ઊભી કરવાનું જે આયોજન છે, તેની તકતી જાહેરમાં મૂકવામાં આવી હતી. કોલેજની તમામ ઉપસ્થિત સ્ટાફ અને વિદ્યાર્થીની બહેનોએ હાથમાં માટી લઈ કુંભમાં પધરાવી હતી અને સહુએ પ્રતિજ્ઞા લીધેલ કે 'હું ભારત દેશને વિકસિત દેશ બનાવીશ, ગુલામીના વિચારોમાંથી ભારતને બહાર કાઢીશ, સમૃદ્ધ વારસાનો માટે ગર્વ કરીશ, દેશની એકતા અને એકસૂત્રતા માટે નાગરિકોની તમામ ફરજોનું પાલન કરી તથા શહીદો વીરોનું સન્માન કરીશ અને ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવા માટેનું વાણી વર્તન અને વ્યવહાર રાખીશ.' આ તકે પૂર્વ મેયર આરતીબેન જોશીએ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી નિમિત્તે દેશ માટે બલિદાન આપનારા વીરોની ભૂમિકા વિષે વાત કરી કરી આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'સ્વચ્છ ભારત —સ્વસ્થ ભારત' સ્વપ્નને સાકાર કરવા આહવાન કર્યું હતું.ત્યારબાદ રાષ્ટ્ર ધ્વજ ફરકાવી, રાષ્ટ્રગાન કરી લીધેલ શપથ પાળવાના સંકલ્પ સાથે સહુ છૂટા પડ્યા હતા. આઝાદીના અમૃત મહોત્સવ પર્વના અનુસંધાને મેરી મિટ્ટી મેરા દેશ' નામે કાર્યક્રમો યોજવા બદલ સંસ્થાના ટ્રસ્ટી જવાહરભાઈ ચાવડાએ સૌને અભિનંદન પાઠવાયા હતા.આ કાર્યક્રમનું સુંદર સંચાલન ડો.નરેશ સોલંકીએ કર્યું હતું.

# વિસાવદર ખાતે પિતાજીનું અવસાન થતાં દિકરીઓએ કાંધ આપી



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૧

વિસાવદર ખાતે રહેતાં નિવૃત શિક્ષક કડિયા જ્ઞાતિનાં નારણભાઈ માંડણભાઈ ચાવડા જે કાલસારીનાં ઉમદા શિક્ષક હતાં. જેનું ૨ દિવસ પહેલાં ટૂંકી બીમારી સબબ અવસાન થયેલ. આથી તેનાં પરિવારમાં પુત્રનાં હોય પુત્રી જ હોય. આથી સ્મશાન યાત્રામાં ખંભો આપવાની દ્વિધા થયેલ. આથી તેની બે પુત્રીઓ મિત્તલબેન અનો પ્રિયાબેન બન્નેએ પિતાજીની સ્મશાન યાત્રામાં કાંધો આપેલ હતો તેમજ સ્મશાનમાં અગ્નિ સંસ્કાર પણ કર્યા હતાં અને અંત્યેષ્ઠિની બધી વિધિ કરેલ હતી. આ પ્રસંગથી સમાજને એક આગવી દિશા મળેલ છે અને ઉમદા ઉદાહરણ સાબિત કરેલ કે દિકરાની ખોટ પુરી કરેલ હતી.

# કોડીનાર તાલુકાની તમામ શાળામાં બાળકો દ્વારા વિશ્વ સિંહ દિવસની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરાઈ

## 'સિંહ અમારો રાજા છે', 'સૂકી રોટી ખાયેંગે શેર કો બચાયેંગે'ના સૂત્રો સાથે વિશાળ રેલી નીકળી

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૧

કોડીનાર સહિત સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં ગઈકાલે વિશ્વ સિંહ દિવસની ભવ્યાતિ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. યુનાઈટેડ નેશન ઓર્ગેનાઇઝેશન (યુનો) દ્વારા ૧૦ ઓગસ્ટને 'વિશ્વ સિંહ દિવસ'તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યા બાદ છેલ્લા ૭ વર્ષથી કોડીનાર સહિત સમગ્ર ગીર સોમનાથ જિલ્લામાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

વિશ્વ સિંહ દિવસ અંગે પ્રકૃતિ નેચર કલબના દિનેશભાઈ ગોસ્વામીએ આપેલી માહિતી મુજબ એશિયાટિક લાયનનું ઘર એટલે ગુજરાતના ગીરમાં ૧૪૧૨ ચોરસ કિલો મીટરમાં ફેલાયેલા ગીરનાં જંગલ માં હાલમાં ૭૦૦ જેટલા સિંહોનો



વસવાટ છે. આ ઉપરાંત ગીર બોર્ડરને અડીને આવેલા જૂનાગઢ, ગીર સોમનાથ અને અમરેલી તેમજ ભાવનગર સહિત સૌરાષ્ટ્રના ૩૦ હજાર ચોરસ કિલોમીટરના ગ્રામ્ય પંથકોમાં પણ ઘણા સિંહો વસી રહ્યા છે. આ અંતર્ગત સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર, વેરાવળ, ગીરગઢડા, સાસણ સહિત સંઘ પ્રદેશ દીવમાં પણ વિદ્યાર્થીઓ દ્વારા વિશાળ સંખ્યામાં રેલી કાઢી વિશ્વ સિંહ દિવસ ઉજવ્યો હતો. સિંહના મોહરા પહેરી "સિંહ અમારો રાજા છે." સહિતના સૂત્રો બોલી શહેરના રાજમાર્ગો પર ફર્યા હતા. સાથોસાથ ગીર બોર્ડરના ગામના લોકો સિંહને પરિવારનો સભ્ય ગણે છે. સિંહ ખેડૂતોનો મિત્ર છે. સિંહને કારણે જ ખેડૂતોનો પાક રોઝ અને જંગલી ભૂંડથી નાશ પામતો અટકે છે. સિંહના સંરક્ષણ અને સંવર્ધનના કારણે લોકોમાં ઘણીજ જાગૃતિ આવી છે. સિંહને છંછેડવામાં ના આવે તો ક્યારેય મનુષ્ય ઉપર હુમલો કરતો નથી તેવું દિનેશભાઈ ગોસ્વામી દ્વારા વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી. તેમજ જાણીતા સિંહ પ્રેમી જીગ્નેશભાઈ ગોહિલે જણાવ્યા મુજબ ગુજરાતના ૧૦ જિલ્લાની ૩૦ તાલુકાની ૮ હજાર ખાનગી તેમજ સરકારી શાળાઓ, કોલેજોમાં વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વન કર્મીઓ સહિત શિક્ષકો અને વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. વેરાવળ, કોડીનાર, ગિરગઢડા, કેન્દ્ર સાશિત પ્રદેશ દિવ તેમજ સાસણ ખાતે સિંહ સંદર્ભે વકતવ્ય યોજાયા હતા. સિંહનો મૂડ પારખવા અંગે વન વિભાગના અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપ્યું હતું. તો માનવ જીવન માટે સિંહની ઉપયોગીતા વિશે સમજ આપવામાં આવી હતી. મુખ્ય માર્ગો ઉપર સિંહ બચાવોની બાળકો દ્વારા રેલી કાઢવામાં આવી આ રેલીએ અનેરૂ આકર્ષણ જગાવ્યું હતું.

# મેરી માટી મેરા દેશ અભિયાનમાં જોડાવા દેશવાસીઓને અંકલેશ્વર ગુરૂકુલના શાસ્ત્રી જયસ્વરુપદાસજીની અપીલ



અંકલેશ્વર, તા.૧૧

ભારત દેશભકત નાગરિકોનો દેશ છે જેના પ્રત્યેક વ્યક્તિના લોહીમાં રાષ્ટ્રભક્તિ વહે છે. ગત વર્ષે આઝાદીકા અમૃતમહોત્સવ અંતર્ગતસરકાર દ્વારા આયોજિત હર ઘર તિરંગા અભિયાનને દેશવાસીઓએ ખૂબ જ સફળ બનાવી દેશની ગરિમાને જાળવી હતી. આવનારા ગરિમાયુકત ૨૫ વર્ષોને યુગપુરૂષ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમૃતકાળ એવું સાર્થક નામ આપ્યું છે. તેથી આ વર્ષે પણ કેન્દ્ર સરકાર મેરી માટી મેરા દેશ અભિયાનની સાથે આઝાદીનો રાષ્ટ્રીય પર્વ મનાવશે. તે અંતર્ગત આપણે સૌ ભારતવાસીઓ હર ઘર તિરંગા અભિયાન ચલાવીએ, વૃક્ષારોપણ અભિયાન ચલાવીએ, કળશયાત્રાનું આયોજન કરીએ, ભૂમિ પૂજન-વંદનનું આયોજન કરીએ, આ દેશની રક્ષાકાજે માટીમાં પોતાના જીવન ન્યોચ્છાવર કરી દેનારા વીરસપૂતોને માન સાથે વંદન કરવાના વગેરે કાર્યક્રમોનું આયોજન કરવા અંકલેશ્વર ગુરૂકુલના શાસ્ત્રી જયસ્વરૂપદાસે સૌ દેશભક્તોને અપીલ કરી છે.

# ખંભાળિયાની રેડક્રોસ સંસ્થા દ્વારા રવિવારે રક્તદાન કેમ્પનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના ઉપક્રમે આગામી રવિવાર તારીખ ૧૩ મીના રોજ અત્રે નગર ગેઈટ પાસે આવેલી શેઠ કાનજી ચતુ ધર્મશાળા ખાતે રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. રવિવારે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી યોજવામાં આવેલા આ રકતદાન કેમ્પમાં રક્તદાનકરનારા દરેક દાતાઓને આકર્ષક સ્મૃતિ ભેટ આપવામાં આવશે. આ સેવા કાર્યમાં સહભાગી થવા રક્તદાતાઓને સંસ્થાના ડિસ્ટ્રિક્ટ ચેરમેન કિરીટભાઈ મજીઠીયા તથા ચેરપર્સન શૈલેષભાઈ કાનાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયામાં અબોલ પશુઓની સેવા માટે મળેલી પશુ એમ્બ્યુલન્સનું લોકાર્પણ



## દાતાઓના સહયોગથી સેવા સંસ્થાને આધુનિક સુવિધા સાથેની એમ્બ્યુલન્સ મળી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

ખંભાળિયામાં છેલ્લા ઘણા સમયથી અબોલ પશુઓની અવિરત રીતે સેવા કરતા યુવા કાર્યકરો સાથેની સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને દાતાઓના સહયોગથી સાંપળેલી સુવિધાસભર "એનિમલ એમ્બ્યુલન્સ"નું ગઈકાલે બુધવારે બપોરે વિધિવત રીતે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં આગેવાનો, સંતો, મહંતો વિગેરે ખાસ જોડાયા હતા.

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારોમાં ખાસ કરીને ગૌવંશ ઉપરાંત પક્ષીઓની સેવા માટે હંમેશા સક્રિય રહેતી જાણીતી સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને મૂળ ખંભાળિયા અને હાલ વાપી ખાતે રહેતા વિજયભાઈ ગોવિંદભાઈ તન્ના તેમજ મૂળ ખંભાળિયા તાલુકાના બેરાજા ગામના અને હાલ ગાંધીનગર ખાતે રહેતાં સામતભાઈ કુંભાભાઈ ગઢવીના આર્થિક સહયોગથી એનિમલ એમ્બ્યુલન્સ માટે સહયોગ સાંપળ્યો હતો. પશુ સારવારને લગતી વિવિધ સુવિધાઓ સાથેની આ એનિમલ એમ્બ્યુલન્સ કે જે રૂપિયા બાર લાખથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવી છે, તેનું લોકાર્પણ બુધવારે અહીંના હરસિધ્ધિ નગર વિસ્તારમાં આવેલા રાધે ક્રિષ્ના મંદિર ખાતે કરવામાં આવ્યું હતું.

દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર અશોક શર્મા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીની ખાસ ઉપસ્થિતિમાં કરવામાં આવેલા આ લોકાર્પણમાં પૂજય આઈ શ્રી હિરલ માં ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને આશીર્વચન પાઠવ્યા હતા. વિવિધ સુવિધાઓ સાથેની આ એમ્બ્યુલન્સ એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટના સક્રિય અને સેવાભાવી કાર્યકર દેશુરભાઈ ગઢવી, અશોકભાઈ નરા તેમજ અન્ય ગૌ સેવકોને સફળતા ગૌવંશ તેમજ પશુ-પક્ષીની તાત્કાલિક અને સુવ્યવસ્થિત રીતે સારવાર શક્ય બનશે તેવા પ્રતિભાવ વ્યક્ત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ખંભાળિયાની વિવિધ સેવા સંસ્થાઓ સાથે સંકળાયેલા અગ્રણી પરાગભાઈ બરછા, કિરીટભાઈ મજીઠીયા, મહિલા અગ્રણી નિમિષાબેન નકુમ, ગીતાબા જાડેજા, વનરાજસિંહ વાઢેર, રાજુભાઈ ભરવાડ, હિતેન્દ્રભાઈ આચાર્ય, ઈન્દ્રજીતસિંહ પરમાર, કિરીટભાઈ મજીઠીયા, જીગ્નેશભાઈ પરમાર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા અને આ સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી. આ ઉપરાંત લોકાર્પણ પ્રસંગે રાજયના જુદા જુદા જિલ્લાઓમાંથી પણ ગૌસેવકો ખાસ જોડાયા હતા.

# પુરૂષોત્તમ માસ નિમિત્તે દ્વારકાના જગતમંદિરમાં અનેકવિધ ધર્મમય કાર્યક્રમો યોજાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૧

અધિક માસ નિમિત્તે વિશ્વ વિખ્યાત જગત મંદિર દ્વારકાધીશના સાનિધ્યમાં અનેકવિધ ધર્મમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ગઈકાલે બુધવારે પારણા નોમ પ્રસંગે જગત મંદિરમાં એક દિવસમાં બે વખત અન્નકૂટ મનોરથ યોજાયા હતા. પારણા નોમ નિમિત્તે સવારે શૃંગાર આરતી તેમજ સાંજે ઉત્થાપનના દર્શન તેમજ આકર્ષક શૃંગાર સાથેના દર્શનથી ભકતો ભાવવિભોર થયા હતા. ખાસ કરીને આજે સવારે અને સાંજે બે વખત યોજવામાં આવેલા અન્નકૂટ મનોરથના દર્શનનો લાભ મોટી સંખ્યામાં કૃષ્ણ ભક્તોએ લીધો હતો. બુધવારે ઓનલાઈનના વિવિધ માધ્યમોથી પણ કૃષ્ણ ભક્તોએ પારણા નોમ નિમિત્તે યોજાયેલા અન્નકૂટ મહોત્સવને નિહાળ્યો હતો. આ પૂર્વે મંગળવારેરાત્રે ૧૨ વાગ્યે અધિક જન્માષ્ટમી નિમિત્તે ભાવિકોના ઘોડાપૂર વચ્ચે મંદિર પરિસર "નંદ ઘેર આનંદભયો, જય કનૈયા લાલ કી" ના ગગનભેદી નાદથી ગુંજી ઉઠ્યું હતું. આ સાથે ગઈકાલે સવારે સાત વાગ્યે મંગળા આરતી સમયે ઠાકોરજીને પારણા કરાવાયા હતા. શ્રીજીના ઉત્સવ



સ્વરૂપને પારણામાં ઝુલાવાનો ભાવ વ્યકત કરાયો હતો. જેને નિહાળવા મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. દ્વારકાધીશ મંદિરમાં શ્રદ્ધાળુઓ, ભક્તોને કોઈ હાલાકી ન થાય તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની સૂચના મુજબ મંદિર વ્યવસ્થાના મુખ્ય અધિકારી સમીર સારડા તથા સ્ટાફ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં અસામાજીક પ્રવૃતિ વિરૂધ્ધ પોલીસની ઝુંબેશ : દારૂના ધંધાર્થીના ઘરમાં રૂા.૧૦.૫૦ લાખ રોકડ તેમજ ૪૦ લાખના દાગીના મળ્યા






## જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, ડીવાયએસપી હિતેષ ધાધલીયા અને ઉચ્ચ અધિકારીઓના પોલીસ કાફલા દ્વારા તપાસનો ધમધમાટ

(ક્રાઈમ રિપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જૂનાગઢ શહેર અને જીલ્લામાં ગેરકાનુની પ્રવૃતિ કરનારાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે અને દેશી દારૂ તેમજ વિદેશી દારૂ વિરૂધ્ધમાં વ્યાપક દરોડા પાડવામાં આવી રહ્યા છે. જૂનાગઢમાં પ્રોહિબિશન ડ્રાઈવ દરમ્યાન દારૂના એક ધંધાર્થીના મકાનમાંથી રૂા.૧૦.૫૦ લાખની રોકડ અને રૂા.૪૦ લાખના દાગીના મળી આવતા ઉલટ તપાસ લેવામાં આવી રહી છે. પોલીસ દ્વારા પ્રાપ્ત થતી વિગત અનુસાર, જૂનાગઢ જિલ્લામાં ડીઆઈજી નિલેશ જાજડીયાની સૂચનાથી પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શનમાં પ્રોહિબિશન ડ્રાઈવ કરવામા આવી હતી. આ કાર્યવાહીમાં કુલ રૂપિયા ૧૩.૧૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. આ ડ્રાઈવ દરમ્યાન જૂનાગઢ શહેરના પંચેશ્વર અને સી ડિવિઝન વિસ્તારમાં ડીવાયએસપી હિતેશ ધાંધલીયા તથા પ્રોબેશનલ ડીવાયએસપી નિકિતા શિરોયાના માર્ગદર્શનમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલ તથા એ ડિવિઝનના પીઆઈ એ. જી. જાદવ સહિતના પોલીસ કાફલાએ દારૂ બનાવવાના વોશ તેમજ દેશી દારૂની ભઠ્ઠીઓ શોધવા માટે મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રૂપિયા ૧૦,૪૦૦નો ૪૮૪ લીટર દારૂ તેમજ ૨૯,૦૨૦નો ૯,૫૮૦ લીટર દારૂ બનાવવાનો આથો કબજે કરવામાં આવ્યો હતો. આ કામગીરી દરમ્યાન એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રવેશ ઉર્ફે રોકી લાખાભાઈ ભારાઈને ૫૫૨ બોટલ દારૂ સહિત ૧.૦૫ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધો હતો. ઉપરાંત મધુરમ વિસ્તારના ધવલ કિશોરભાઈ મહેતા પાસેથી ૬૯૬ બોટલ દારૂ સહિત રૂપિયા ૧.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આમ પોલીસ દ્વારા દેશી તથા વિદેશી દારૂના કુલ ૧૭૫ કેસ કરવામાં આવ્યા હતા અને કુલ રૂપિયા ૧૩,૧૧,૧૨૦નો પ્રોહીબિશન મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસની આ કાર્યવાહીથી દારૂના ધંધાર્થીઓ સહિતના અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. દરમ્યાન જૂનાગઢમાં પ્રોહિબિશન ડ્રાઈવ દરમ્યાન પોલીસે ફરાર બુટલેગરોને ત્યાં પણ તપાસ હાથ ધરી હતી. ગાંધીગ્રામમાં ધરમ અવેડા પાસે રહેતા ભુપત પુંજાભાઈ કોડીયાતરના મકાનને સર્ચ કરવામાં આવ્યું હતું. જેમાં તેના ભાઈ પાંચા કોડીયાતર પાસેથી આધાર પુરાવા અને બિલ વગરના રૂપિયા ૪૦.૦૪ લાખની કિંમતના સોના-ચાંદીના દાગીના ઉપરાંત ૧૦.૫૦ લાખની રોકડ સહિતનો મુદ્દામાલ મળી આવતા પોલીસે શક પડતી મિલ્કત તરીકે કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.



# જૂનાગઢના સુપ્રસિધ્ધ દામોદર કુંડ ખાતે અધિક શ્રાવણ માસ દરમ્યાન પુણ્યનું ભાથું બાંધવા ભાવિકો ઉમટી પડયા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

પવિત્ર પુરૂષોતમ માસ દરમ્યાન જૂનાગઢ શહેર અને જીલ્લામાં તેમજ સમગ્ર સૌરાષ્ટ્રમાં અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. દરમ્યાન જૂનાગઢ શહેરમાં ભવનાથ તળેટી રોડ ઉપર આવેલા સુપ્રસિધ્ધ યાત્રાધામ એવા દામોદર કુંડ ખાતે પવિત્ર પુરૂષોતમ માસ દરમ્યાન મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા છે. પવિત્ર પુરૂષોતમ માસ અંતિમ ચરણમાં છે જેને લઈને ભાવિકો પિતૃતર્પણ, સ્નાન કરી પુણ્યનું બાથું બાંધતા હોય છે. જેને લઈને દામોદર કુંડ ખાતે ભારે ઘસારો જોવા મળી રહ્યો છે.



# જૂનાગઢમાં ટમેટાનો ભાવ ગગડયા : કિલોએ રૂા.૬૦નો ઘટાડો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

ચોમાસા દરમ્યાન અતિ ભારે વરસાદ થવાના પગલે જૂનાગઢ શહેર અને જીલ્લાભરમાં શાકભાજીના ભાવો આસમાને પહોંચ્યા હતા અને તેમાંય રોજીંદા વપરાશમાં ટમેટા, મરચા, લીંબુના મોંઘા ભાવ થયા હતા. દરમ્યાન હાલ વરાપ જેવું છે અને ટમેટાની આવક બમણી થઈ જતા ટમેટાના ભાવો ગગડયા છે અને રૂા.૬૦નો ઘટાડો થયો છે. છેલ્લા બે માસથી ટમેટાનો ભાવ ગૃહિણીઓને અકળાવી રહ્યો છે. એક સમયે ૨૦૦ રૂપિયે કિલો વેચાતા ટમેટા ગઈકાલે ૧૬૦ રૂપિયામા મળતા હતા. પરંતુ છેલ્લા ચોવીસ કલાકમા ટમેટાની આવક બમણી થતા ભાવ દબાયા છે અને આજે છુટક બજારમા ટમેટા ૧૦૦ રૂપિયે કિલો વેચાતા હતા. સ્થાનિક આવક શરૂ થયે ભાવ હજુ નીચા જશે. ટમેટાના ભાવે લોકોને અકળાવી દીધા છે. લગભગ દરેક ઘરમા ટમેટાનો રોજીંદો વપરાશ જોવા મળી રહ્યો છે.

પરંતુ પાછલા બે માસથી ટમેટાના ભાવ આસમાનને આંબ્યા હતા. આમ તો સામાન્ય રીતે ચોમાસાના આરંભે દર વર્ષે શાકભાજીના ભાવમા વધારો થાય છે. ચાલુ સાલે પણ તમામ શાકભાજીના ભાવમા આકરો વધારો થયો છે. પરંતુ ટમેટાના ભાવે રેકોર્ડ તોડયા હતા. જૂનાગઢમા એક સમયે ટમેટાનો ભાવ પ્રતિ કિલોએ રૂપિયા ૨૦૦ સુધી પહોંચ્યો હતો અને ત્યારબાદ નીચે જઈ ગઈકાલે ૧૬૦ રૂપિયે કિલો ટમેટા વેચાતા હતા.

જો કે આજે ટમેટાના ભાવમા મોટો કડાકો આવ્યો હતો. જૂનાગઢમા આજે ટમેટાની આવક સામાન્ય કરતા બમણી થઈ હતી. જેને પગલે ટમેટાનો ભાવ પણ ગગડીને પ્રતિ કિલો ૧૦૦ રૂપિયા પહોંચી ગયો હતો. અહી મોટાભાગના ટમેટા દક્ષિણ ભારતમાથી આવે છે. અહી સામાન્ય રીતે દરરોજ એક ગાડી ટમેટા આવતા હતા. પરંતુ આજે ટમેટાની બે ગાડીની આવક થઈ હતી. દક્ષિણ ભારતમા ખાસ કરીને નાસિક બેંગ્લોર પંથકમા સતત વરસાદના કારણે આવક ઘટી હતી.

હવે વરસાદ થંભ્યો હોય આવક વધવા માંડી છે. બીજી તરફ સ્થાનિક દેશી ટમેટાની આવક હજુ શરૂ થઈ નથી. આ આવક શરૂ થતાની સાથે જ ટમેટાના ભાવ હજુ વધુ નીચા જશે.

એક સમયે ૨૮ કિલો કેરેટનો ભાવ ૩૨૦૦ સુધી બોલાતો હતો. જો કે હવે ભાવ સતત દબાશે.

# આલ્ફા ઈન્ટનેશનલ સ્કૂલ-જૂનાગઢમાં વેશભૂષા સ્પર્ધા યોજાઈ



જૂનાગઢ તા.૧૧

આલ્ફા સ્કૂલના સંચાલક જી.પી. કાઠીની યાદી જણાવે છે કે, તા.૧૧-૮-૨૦૨૩ના રોજ આલ્ફા પ્રાયમરી સ્કૂલમાં, આલ્ફા હાઈસ્કૂલમાં અને આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલમાં પ્રિ-પ્રાયમરી અને ધોરણ-૧ થી ૯માં વેશભૂષા સ્પર્ધા યોજવામાં આવેલ હતી. આ સ્પર્ધામાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિ-પ્રાયમરી અને ધોરણ ૧ થી ૯માં વર્ગવાઈઝ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવનાર વિદ્યાર્થીઓને શાળાના સંચાલક જી.પી. કાઠીના હસ્તે પ્રમાણપત્રો અને ઈનામો આપીને સન્માનિત કરવામાં આવેલ છે.

# ભૂતનાથ મહાદેવ સત્સંગ મંડળની બહેનોનું અધિક શ્રાવણ માસમાં સન્માન કરાયુ



જૂનાગઢ તા.૧૧

વીણાબેન પંડ્યા સ્થાપિત સંહીતા મહિલા મંડળના ચેરમેન ચેતનાબેન પંડ્યા અને સૌરાષ્ટ્ર-કચ્છ સમસ્ત બ્રહ્મ સમાજ જૂનાગઢ મહાનગરના પ્રમુખ આરતીબેન જોષી અને દક્ષાબેન જોષી અને તેની ટીમ દ્વારા ભૂતનાથ મહાદેવ જૂનાગઢમાં સત્સંગ મંડળ ચાલે છે. જે છેલ્લા ૫૦ વર્ષથી કાર્યરત છે તેમજ હાલમાં અધિક શ્રાવણ માસ ચાલતો હોય આ તમામ બેહેનોનું તેમજ આ મંડળના પ્રમુખ સવિતાબેન પટેલ, હંસાબેન જોશી, વિજયાબેન પરમાર, જયાબેન વડાલિયા, ભાનુબેન ભટ્ટ, કુસુમબેન જોશી, હંસાબેન મિઠીયા વગેરે છેલા ૧૫ વર્ષથી વધારે સમયથી કાર્યરત આ બહેનોનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

તેમજ ભૂતનાથ મહાદેવ સત્સંગ મંડળના બાકીના તમામ સભ્ય બહેનોનું ખેસ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# ડાયેટ જૂનાગઢ ખાતે સંકલન બેઠક યોજાઇ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૧

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢ ખાતે પ્રાચાર્યશ્રી હિરેનભાઈ ભટ્ટની અધ્યક્ષતામાં એક સંકલન બેઠક યોજાય હતી. જેમાં પૂર્વ નાયબ નિયામક આર. એસ. ઉપાધ્યાયની પ્રેરક ઉપસ્થિતિ હતી. આ બેઠકમાં જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ જૂનાગઢના મંત્રી, ઉત્કર્ષ મંડળ જૂનાગઢના પ્રમુખ તથા મંત્રી, શૈક્ષિક મહાસંઘ જૂનાગઢના પ્રમુખ તથા મંત્રી, સમગ્ર જૂનાગઢ જિલ્લાના ટી.પી.ઈ.ઓ તથા બી.આર.સી. કો. ઓર્ડિનેટર, કેળવણી નિરીક્ષકો, એસ. વી. એસ. કન્વીનર તથા ડાયેટ લેક્ચરર્સ ઉપસ્થિત રહેલ હતા. આ બેઠકમાં ગત શૈક્ષણિક વર્ષમાં થયેલ કામગીરીની સમીક્ષા કરવામાં આવેલી તેમજ આગામી સમયમાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન, કલા ઉત્સવ, ઈન્સપાયર્ડ એવોર્ડ જેવા કાર્યક્રમોના આયોજન અને સંકલન અંગે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ ભરત મેસિયાએ કરી હતી.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. સોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



કાંતિ મસાલા ઘર - જૂનાગઢ

બારેમાસ ભરવા માટેના મસાલાના કિંગ
● કાશ્મીરી મરચાનાં કિંગ
● રેશમ પટ્ટો તીખુ મરચુ
● મુળા હળદર
● ધાણાજીરૂ - ગરમ મસાલા
● તેજાના - રાય, જીરૂ, મેથી
● બેસ્ટ હિંગ પાવડર
ઘરબનાવટના દરેક જાતના મુખવાસ જેવા કે
● તલ-અળસી - વરીયાળી
● અજમા - સુવા - આમળા - ગોટલી
● ચાટ મસાલો - છાશ મસાલો
● દરેક જાતનાં પાપડ
● મરી પાવડર - જીરા પાવડર
● વરીયાળી પાવડર મળશે
કાંતિ મસાલા ઘર - જૂનાગઢ
માંગનાથ રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૫ ૧૪૭૯૪ / ૯૪૨૮૭ ૭૭૨૫૪



જૂનાગઢમાં વેચવાનું છે
(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ
(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.
(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો
(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.
(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી
(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.
(૭) લોખંડનાં ઘોડા નંગ-૧૬ વ્યાજબી ભાવમાં વેચવાના છે.
સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯



ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બાસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨